શ્રી

[illegible]

સ્નેહ મંજરી.

[illegible]

પ્રકાશક.

[illegible]

[illegible]

[illegible]

કીંમત આઠ આના.

પુષ્ટિકારક

મોતીરંજન તેલ.

મોતીરંજન—કેશને પુષ્ટિકારી, મનરંજન કરે છે.
મોતીરંજન—મગજને [illegible] ૧૩૪ આવે છે.
મોતીરંજન—બુ અને જોવાને ખાસ [illegible] છે.
મોતીરંજન—વિલાયતી તેલથી બનાવેલું ઉત્તમ તેલ છે.
મોતીરંજન—માથાને ઘણાજ ફાયદા આપે છે.
મોતીરંજન—વિદ્યાર્થીઓને આશીર્વાદ સમાન છે.

કિંમત બાટલી એકના આના આઠ.

બનાવનાર તથા વેચનાર.

મોહન એન્ડ કંપની, [illegible].

કાળુપુર રેડ, [illegible] નંબર ૨૫.

અમદાવાદ.

गूजरात विद्यापीठ ग्रंथालय

[गुजराती कॉपीराइट विभाग]

अनुक्रमांक ૬૬૧૦ वर्गांक

पुस्तकनुं नाम સ્નેહમંજરી

विषय [illegible]

॥ ॐ શ્રી ॥

સ્નેહ મંજરી.

લેખક.

પંડીત નટવરલાલ છોટાલાલ
ખેડાવાલા.
ઉર્ફે સ્નેહરશ્મિ.

સને ૧૯૧૬
સંવત ૧૯૭૨

આવૃતિ ૧ લી
પ્રત ૨૦૦૦

છપાવી પ્રસિદ્ધ કરનાર
પરીખ રણછોડલાલ ધરમચંદ.
કપડવણજવાળા.
હાજીઅહેમદ પોળ—અમદાવાદ.

કીંમત ચાર આના.

જ્ઞાનમન્દિર પ્રીન્ટીંગ પ્રેસ-અમદાવાદ

ગુજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય
અમદાવાદ
૬૬૧૦
ગુજરાતી કૉપીરાઈટ-સંગ્રહ ૮-૧૯

શ્રી નારાયણ.

आपो नारा इति पोक्ता आपो वै नरसूनवः ।
ता यदस्यायनं पुर्वं तेन नारायणः समृतः ॥

પરાત્પર નર (પુરૂષ) થી આપ (પાણી) ઉત્પન્ન થયું છે. તથા તે આપ (જળ) નું નારા એવું નામ પડ્યું છે. તે જળ જેનું પ્રથમ અયન (આશ્રય—નિવાસ—સ્થળ) થયું છે, તે કારણથી (પરમાત્મા વિષ્ણુને) નારાયણ કહ્યા છે. (મનુ૦ અ૦ ૧ શ્લો૦ ૧૦

આ પુસ્તક સને ૧૮૬૭ ના ૨૫ મા એકટ પ્રમાણે રજીસ્ટર કરી માલીકીના તમામ હક્ક પ્રસિદ્ધ કરનાર પ્રકાશકે પોતાના સ્વાધીન રાખ્યા છે. માટે મુળ છપાવી પ્રગટ કરવાનો અગર કોઇપણ બીજી લિપિમાં છાપવાનો અગર ભાષાન્તર કરી પ્રસિદ્ધ કરવાનો બીજા કોઇનો અધિકાર નથી.

Printed by Dahyabhai Shakrabhai Gandhi at
The Satya Prakash Printing Press--*Ahmedabad.*
Published by Ranchhodlal Dharamchand Parekh
Proprietor of Grocer &. Co.
Kalupur Road—*Ahmedabad.*

શ્રી

અર્પણ  પત્રિકા.

સુરૂપ્રી ભાઈ શા. છોટાલાલ ડાહ્યાભાઈ બેંકર્સ,
આબુ-રોડ.

આપની મ્હારા ઉપરની અલૌકિક લાગણી નિસ્વાર્થ સ્નેહ અને મ્હારા ધંધાના ઉત્તેજક હોવાને લીધે આપના ઉમદા ગુણોથી આકર્ષાઇ આપની મ્હારા પ્રત્યેની ઉમદા લાગણી વીગેરે ઉમદા ગુણોનો બદલો વાળવા અશક્ય હોવાથી આ લઘુ પુસ્તક નામે **"સ્નેહ મંજરી"** સહપ્રેમ-સહવિનયથી આપના હસ્તકમળમાં અર્પણ કરૂં છું તે સ્વીકારશો. તા. ૧ ઑગસ્ટ સને ૧૯૧૬

કાવ્ય કુસુમો વીણીને, મેં માળ આ મનહર કરી;
અર્પું શ્રીવામાં પ્રેમથી, લ્યો સ્નેહથી કંઠે ધરી.

આપનો સ્નેહાધીન.
પરીખ રણછોડલાલ ધરમચંદ કપડવણજવાળા
અમદાવાદ.

ग्रामर एन्ड कंपनीना मालेक.



પ્રકાશક

પરીખ રણછોડલાલ ધરમચંદ કપડવંજવાળા.

ગુરૂવાર. અમદાવાદ

જ્ઞાનમન્દિર પ્રી. પ્રેસ-અમદાવાદ.

ઉપદ્રષ્ટ બિન્દુ.

Friendship is the gift of God and the most precious boon to man. Disraeli.

Virtue is bold and goodness never fearful. Shakespeare.

આ પ્રસ્તુત પુસ્તકના વિષયોનાં મથાળાં ઉપરથી આ પુસ્તકનો હેતુ સમજી શકાય છે, તોપણ લખવું જોઇએ કે સૃષ્ટિ સૌંદર્ય ભાષાની મધુરતા અને સંકલ્પનાને સુશોભિત ઉચ્ચ આશયથી વિભુષિત કરવામાં અને કેટલાક વિવિધ-વિચિત્ર વિષયોને કાવ્યના રૂપમાં લંબાવવામાં આવ્યાં છે, તેનું મુખ્ય કારણ આધુનિક ફેશન તેમજ બીજા અવનવા રંગો જનસમાજને અને સાહિત્ય વિલાસીઓને પસંદ કરવા જેવાં કાવ્યો છે. કાળનું પરિવર્તન, જમાનાની જરૂરીઆતો, જનસમાજની વૃત્તિઓ અને સાહિત્યના કાંઇક ઉત્તમ અંશોનો સમાવેશ કરી પુસ્તકને માધુર્યમય અને રસિકતામય કરવામાં લેખકે તેમ પ્રકાશકે એવા રમુજી વિષયોનો સમાવેશ કર્યા વગર છુટકો હોતો નથી. તેમજ વાંચક વર્ગને કાંઈ આનંદ સદ્દગુણ સાત્વિકતાના ગુણો પ્રાપ્ત થાય, એજ આકાંક્ષાને અવલમ્બીને યોગ્ય સ્થળોએ વિશેષ શબ્દોમાં કાંઇપણ લખાયેલું હોય અને તેમાં કદાપિ દોષ યુક્ત જેવું જણાય તો તે બદલ હું પ્રથમથીજ વાંચક વર્ગ સમક્ષ ક્ષમા માગું છું.

પ્રિય પાઠક વર્ગને પ્રસ્તુત પુસ્તકમાં કાંઈપણ ભુલ જણાય તો તેને સુધારીને વાંચવાને તેમજ જણાવવાને ભલામણ કરૂં છું "મનુષ્ય માત્ર ભુલને પાત્રજ છે."

આ લઘુ પુસ્તકમાં કેટલાક કાવ્યો પંડિત નટવરલાલ છોટાલાલ મુ. ખેડા નિવાસી પાસેથી સર્વ હકક સાથે લીધેલાં છે, તે ઉપરાંત મ્હારાં લખેલાં કાવ્યોમાં મને સહાયતા આપી છે. અને તેમણે પોતાના અમુલ્ય વખતનો ભોગ આપી અને પ્રેમપુર્વક મારા પ્રત્યે પુર્ણ સ્નેહભાવ પ્રદર્શિત કરીને મ્હારા ઉગતા કાર્યને ઉત્તેજિત કર્યું છે તે બદલ હું તે મુરબ્બી શ્રીનો આ સ્થળે ખરા અંતઃકરણ-પુર્વક ઉપકાર માનું છું.

આ પુસ્તક છપાવવાના કામમાં તેમજ પ્રુફ સુધારવામાં મી૦ ગુલામહુસેન મોહમ્મદભાઇ ડૅાઢીયા તરફથી સારી મદદ મળી છે, જેને માટે આભારી છું.

આ પુસ્તકના અંગે મ્હારા સ્નેહાળ મિત્ર માણેકલાલ દુવારકાંદાસ મોદી હાલ—મુંબાઈ. એ વખતોવખત યોગ્ય સલાહ આપી મ્હારા કાર્યને પ્રકાશમાં લાવવા મદદ આપી છે જેને માટે ઘણા સ્નેહપુર્વક ઉપકાર માનું છું. અસ્તુ.

વિક્રમ સંવત ૧૯૭૨ }
શ્રાવણ વદી ૨ } પ્રકાશક.

આ પુસ્તકના અગાઉથી ગ્રાહક થઈ ઉત્તેજન આપનારનાં નામ.

આબુ-રોડ.

૫૦ શાહ છોટાલાલ ડાહ્યાભાઇ.
૫ શાહ હીરાલાલ હજારીલાલ.
૧ શા. દેવીસાય ઉદેરામ

અમદાવાદ.

૫૦ ભાવસાર ગણુપતરામ બલાખીદાસ.
૫ શાહ મોહનલાલ છોટાલાલ ટંકશાળી.
૧ તંબોલી દેવીદયાળ પંચમ.
૧ સોની બાલાભાઇ નાથાલાલ.
૧ શા. સાકરલાલ માણેકલાલ.
૧ સુતાર પાનાચંદ લલ્લુભાઇ.
૧ દરજી સાંકળચંદ મોતીલાલ.
૧ ભટ્ટ મગનલાલ હરિલાલ.
૧ સોની ચમનલાલ હરીલાલ.
૧ શા. મણીલાલ મથુરદાસ.
૧ માળી ભીખાભાઇ સાંકલચંદ.
૧ સુતાર મંગળદાસ સોમનાથ

૧ સોની સકરાલાલ નથુભાઇ
૧ શા. ફકીરચંદ ત્રિભોવનદાસ
૧ ભાવસાર દલપતરામ ગોપાલદાસ
૧ ભાવસાર લાડકચંદ પ્રેમચંદ.
૧ વહોરા ઇસુફઅલી ગુલામઅલી.
૧ ઘાંચી મણીલાલ મુળચંદ.
૧ મહેતા વિશ્વનાથ મોતીરામ.
૧ દરજી કેશવલાલ મગનલાલ.
૧ ભાવસાર નરસીંહલાલ મગનલાલ.
૧ સોમાલાલ ઝવેરલાલ.
૧ જેઠાલાલ કચરાભાઇ.
૧ મણીલાલ માહાસુખરામ દાણી.
૧ પરી કેશવલાલ બાપુજી.
૧ ઓઝા બાલાશંકર અંબાશંકર.
૧ પરસોત છગનલાલ.
૧ વકીલ ગોરધનદાસ દલપતરામ.
૧ જેઠાલાલ મોહનલાલ.
૧ મહેતા મણીલાલ દેવશંકર.
૧ એંગોલ ટીટ્રેડીંગ કંપનીના મેનેજર સાહેબ.
૧ તંબોલી મહાદેવ ભગવાનદીન.
૧ પટેલ નારણદાસ આદરભાઈ
૧ ભાવસાર લલ્લુભાઇ બાપુજી
૧ શા. જમનાદાસ ફુલચંદ

૧ શા. મંગળદાસ છોટાલાલ
૧ ત્રવાડી અંબાલાલ હરીલાલ
૧ શા. મનસુખરામ ઓધડદાસ
૧ ત્રિવેદી ગંગાશંકર સાંકળેશ્વર
૧ ભટ્ટ મગનલાલ બાલુભાઇ
૧ ઓઝા રામપ્રસાદ લાલશંકર
૧ શા. રણછોડલાલ જેઠાલાલ
૧ મરાઠા રામરાવ વિઠુબા
૧ શા. નગીનચંદ છગનલાલ ખંભાતી

વિજાપુર.

૧૦ શા. સકરચંદ ભીખાભાઇ
૧ ફોજદાર સાહેબ મહેરખાન લાવડે
૧ સ્ટેશન માસ્તર નંદલાલ દુર્ગાશંકર
૧ વકીલ મી. વીરપાલભાઈ વર્ધમાનભાઇ
૧ શા. ત્રીભોવનદાસ નથુભાઇ
૧ કંસારા સાકરલાલ નથુભાઇ બુકસેલર
૧ દેશાઇ પોપટલાલ લલ્લુભાઈ ડીપો ઓફીસર
૧ શા, પોપટલાલ કચરાભાઈ
૧ શા. ચંદુલાલ કાળીદાસ મારફતીઆ

મહેસાણા.

૧ શા. હરગોવનદાસ મોતીચંદ
૫ શા. ખેમચંદ હકમચંદ
૧ શા. મનસુખલાલ મોતીચંદ
૧ ભોજક હકમચંદ મોતીચંદ

બહેચરાજી.

૨૫ શા. ભુદરલાલ ગંગાજી

પાલણપુર.

૫ મીયાં ફૈજમોહમ્મદ ફકીરમોહમ્મદ

૧ શા. હીરાલાલ સુરચંદ

૧ ખતરી વીઠુલદાસ પ્રાગજી

ધારી.

૧ મુનસફ સાહેબ ભીંસે

આગલોડ.

૧ ઠાકોર સાહેબ બાપુસીંગજી જશવંતસીંહજી

ભાદરણ.

૧ પટેલ પુરૂષોતમ જેઠાલાલ

કડી.

૧ દરજી મુલચંદભાઈ

વડોદરા.

૧ ચંપકલાલ ગીરધરલાલ ડૉકટર

ચાણસમા.

૨૫ ભાવસાર રામચંદ્ર ગોપાળદાસ

દહેગામ.

૧ શા. માધવલાલ નાથાલાલ

વિહાર.

૧ પુંજાભાઇ ભગવાનદાસ પટેલ

૧ પુંજાભાઇ કચરાદાસની કુંપની

છપાય છે!   તાકીદે નામ નોંધાવો!   છપાય છે!

સ્નેહાળ સુંદરી

અને

પાટલુનની પનોતી.

લેખકઃ—

સ્નેહરશ્મિ ૐ પંડીત નટવરલાલ છોટાલાલ એડાવાલા.

સાચા પ્રેમનું સંમીલન આશક માશુકના અલૌકિકપ્રેમની સોનેરી કસોટી વીગેરે વિષયોથી શૃંગારેલું અને પાટલુનપ્રસાદ અને ધોતીદાસનું અતિ રમુજી બોધદાયક ગમ્મત સાથે જ્ઞાન આપનારૂં ચાલુ જમાનાની ફેશનમાં ફરકતું ફારસ વાર્તામાં પ્રકાશિત કરવામાં આવ્યું છે. અગાઉથી ગ્રાહક થનાર પાસેથી કીમ્મત છ આના, પછીથી આઠ આના.

પ્રકાશકઃ—

પરીખ રણછોડલાલ ધરમચંદ કપડવંજવાળા

હાજી એહમદ પોળ–અમદાવાદ.

વાંચો!   જરૂર વાંચો !   વાંચો !

ટુંક સમયમાં બહાર પડશે.

નિર્ભાગી ચંદાના પ્યારમાં

ફસાયેલો હરદાસ.

કીંમત બારઆના.

(લેખકઃ—વૈદ્ય રણછોડલાલ ધરમચંદ કુપડવંજવાળા.)

હાજી એહમદ પોળ—અમદાવાદ.

સદ્ગુણ—સુંદરી સુમતિનો સતિત્વ સ્નેહ, સમય સુચકતા સહનશીલતા સત્યતાથી સ્વર્ગમય સ્નેહે શોભાવે છે અને કુટીલ કામની ચંદા કુકૃત્યો કરી કાવાદાવાથી કેવો કુમાર્ગમાં કેહર કરે છે કે કૃતિમ કરૂણાએ કામિઓને કેવી રીતે કપટ કળાથી કેદ કરે છે. તેમજ હરદાસ ચંદાના કૃતિમ પ્યારમાં અત્યાચારથી અધમ ગતિમાં પોતાની પરણેલી પત્નીનો પરિત્યાગ કરવો વીગેરે વી૦ દિગદર્શન કરાવવામાં આવ્યું છે.



સ્નેહ મંજરી.

મંગળા ચરણ.

શ્રી ગણુપતિ શંકર નંદનં,
સુખકરા, દુઃખહરા, વિભુવરા, લંબોદરા;
પ્રણમીએ પાય હે! ગણુરાય,
જય વિજયકર ભક્ત ભીડ ભંજનં. શ્રી ગણુપતિ.
જય ગજાનન વિઘ્નહરા જય,
હરિ ત્રિતાપો અર્પ વિજય જય;
સ્નેહ રશ્મિને પ્રાર્થું દે અભય,
વંદુ તુજ ચરણે વિઘ્ન અરિ ગંજનં. શ્રી ગણુપતિ.

ગુલાબ.

કવ્વાલી.

ગુલાબી ગુલ આ ત્હારી, પ્રફુલ્લિત પાંખડીઓ શું?
રીઝાવે સર્વ પ્રાણીને, સુગંધી પણ ભરી છે શું?
પ્રભુએ [1]ગાત્ર આ ત્હારૂં, કર્યું કોમળ શું રંગીને;
પરંતુ તીવ્ર કંટકમાં, ફસાવ્યું છે ખરે તુજને.
નથી તેની તને પરવા, જીગરથી મસ્ત તું રહે છે;
સૌ પ્રણયીપરે ત્હારી, સુગંધી સ્નેહ રૂપ વહે છે.
ખીલે તુજ પાંખડી જ્યારે, અહા! અંતર ખીલે ત્યારે;
બિડાઇને ખરી જાતાં, દ્રવે મુજ દીલડું ત્યારે.
શિખાવ્યું તેં મ્હને આ ગુલ,[2] કદી ના દુઃખ દીલ ધરવા;
ખરે! આ વિશ્વ વાડીમાં, અહાહા! સ્નેહમાં ખીલવા.
શિતળતા ઉષ્ણતા સ્હેતું, વળી કંટક મહીં વસતું;
તથાપિ નિત્ય તું દીસે, ખરેખર! પ્રેમમાં હસતુ.
ભલે તું હર્ષના સિંધુ, મહીં રમતું સદા રહેજે;
અને પ્રેમી જનોને પણ, હર્ષની વાત કાંઈ કહેજે.
હશે કો દીલથી દુઃખી, ફસેલા પ્રાણી માયામાં;
હશે કો વ્યાધિથી દુઃખી, પીડાતા નિજ કાયામાં.

---

૧ અંગ, ૨ ફુલ.

વળી મુજ સમ અહા ! રંકો, નિરંતર ચિત્તમાં બળતા;
સૌને તું રીઝાવીને, સદા કરજે તુમાં ઠરતા.

સલામી આપને મ્હારી.

કવ્વાલી.

અહો ! પ્રાયશ્ચિત ધોનારા, અને નિજ વખ્ત ખોનારા;
ભુંડાઇનો ભાર ભરનારા, સલામી આપને મ્હારી.
તમો ઉપકાર કરનારા, વિશ્વમાં શુદ્ધ કરનારા;
અહા ! પ્રાયશ્ચિત ધોનારા, સલામી આપને મ્હારી.
કરે ઉપકાર પિતુ માતા, અને નિજ સ્નેહીઓ ભ્રાતા;
ગણાય ન ગુણ તમ ગાતા, સલામી આપને મ્હારી.
ધોબી વિણ મુલ્ય ના ધુવે, તમો વિણ પાપ કોણ લૂવે;
જીવન ! નિંદા મહીં ખૂવે, સલામી આપને મ્હારી.
જગતનું શ્રેય કરનારા, નિંદાના [1]સ્તોત્ર પઢનારા;
જીવન તેમાં વિલવનારા, સલામી આપને મ્હારી.
હરી [2]પ્રાયશ્ચિત અમારાં સૌ, તમારાં ગાન શા શા ગાઉં;
વધુ જીવી પાપ હરજો સૌ, સલામી આપને મ્હારી.
વખતનો વાપરી સોડા, નિંદાના સાબુના ગોળા;
ધુવો પાપો તણા જોડા,[3] સલામી આપને મ્હારી.

---

૧. પાઠ ૨ પાપ. ૩ ધોતી.

વિદેશી ફેશન.

મ્હારા હૈયા કેરા હાર, નજર ક્યાં આવશોરે. (રાગ દેશી).

જોતે જોતે ફેશન મોહતો, હિંદુ જાતમાંરે;
ઉંચી નાતમાંરે—જોતે જોતે૦
વિદેશીઓની રીત સજીને, વ્હાલી સ્વદેશ રીત તજીને;
નિજ પ્રીયા સહ ચાલે ઇશ્કી વાટમાંરે.—જોતે જોતે૦
ચશ્મા સ્ટીકને લેઇ સંગાથે, હેટ* ધરીને ચાલે માથે;
માત–પિતાની સેવા કરતા, લાતમાંરે.—જોતે જોતે૦
વ્હિસ્કીના ઇશ્કી થઇ મ્હાલે, ચીરૂટ વિના ઘડીએ ના ચાલે;
સાયકલ મોટરમાં ફરતા, ભલી ભાતમાંરે.—જોતે જોતે૦
લેમોનેડ, શરાબ ને સોડા, ધર્મ કર્મપર મારે જોડા;
નિજ ભાષાને વધાવી લેતા, લાતમાંરે—જોતે જોતે૦
નિજ સ્ત્રી સ્મીપે કાંઈ ના ચાલે, પોઝીશનથી બ્હાર મ્હાલે;
પ્રિયાતણી સેવામાં ખરચે જાતનેરે.—જોતે જોતે૦
દુધ સાકર મલાઈ તજીને, અભક્ષા ભક્ષ કરે અતિ ચહીને;
વહી અનીતિમાં ગણે ગુમાની જાતમાંરે—જોતે જોતે૦

---

* સાહેબોની ટોપી.

કરજો પરિક્ષા ચિત્રની.

વિ૦ હરિગીત.

શું ચિત્ર પેખો અવરના, નિજ ચિત્ર કોઇ જોતા નથી;
નિજ ચિત્રની ઝાંખી કરો, આ ચિત્રમાં શું શું નથી.
તમ નેત્રને ખુલ્લાં કરી, તિક્ષ્ણુ નજર કરશો જરા;
કાંઇ નેત્રે જોશો અવનવું, બનશો તમો ત્યાં ગાભરા.
એ ચિતારાની કલમને, ના! કોઇ ચિતારો પહોંચશે;
હા! ચિત્રકાર તણાં ચરિત્રો, કો કવિ શું વાંચશે?
રંગ અદ્ભુત આદરી, કુદરત રૂપી છાંટયા બહુ;
એ રંગની ખૂબી અહા! શાણા વિચારો શું કહુ.
વળી હાથ જલદી ફેરવે, ના થોભતો નિજ કામમાં;
હા! રૂધીર પુરે ચિત્રમાં, ખામી મળે ના કામમાં.
એથી અહાહા! અધિક ખુબી, કોઇથીજ શકે નહીં;
ચૈતન્ય પુરે ચિત્રમાં, એવો વિભુ વિણ છે નહીં.
તે ચિત્રપર દૃષ્ટિ ધરી, જુવો! ખુબી આ ચિત્રની;
પછી અવર ચિત્રો ન્યાળજો, કરશો પરિક્ષા ચિત્રની.

ઘાણીનો બેલ.

કવ્વાલી.

અરેરે! ઓ! મુંગા પ્રાણી, અહીં તું કયાં થકી આવ્યો?
પડયો કાં શત્રુના પાસે, અહા! ભાવીએ ભુલાવ્યો!

પીડે જો તે તને કેવો, ત્વચાના ચક્ષ્મ પહેરાવી;
અને મારે પરોણાઓ, અતિષે ભાર વહેવરાવી.
ન જાણું ઉરમાં કાંઈ, પીડે તુજને અતિષે રે;
પરંતુ તાણતો ઘાણી, કંઇ ના બોલતો *રહેરે?
ભોગવવા કર્મ ત્હારાં શું, ખરે તું આવીયો આંહીં;
અહા! પ્રારબ્ધના યોગે, સહે દુઃખ ભાર તું આંહીં.

તને જો માર તે મારે, દીયે ગાળો ઘણી મુખથી;
ન દીલગીર તું ઉર થાતો, અરે મુંગા અતિ દુઃખથી.
સહન તું તો કરે પ્રાણી, પીડાયે તાણતો ઘાણી;
અરેરે! દુઃખીયા દુઃખે, ન વદતો હાય! શું વાણી.

હું ને તું જોડીયા હૈયે, પરંતુ ફેર છે થોડો;
તું ખેંચે કાષ્ટની ઘાણી, મને સંસારમાં જોડ્યો.
મુખે ના! બોલતો કાંઇ, ઉરે વિચાર બહુ કરતો;
વિચારૂં ને વિસારૂં છું, વધુ ના કાંઈ હા! કરતો.

અરેરે! આપણો તારક, હવે કાંઇ રહેમ જો આણે;
અને આ કષ્ટથી જલદી, કરે કાંઈ સ્હાય આ ટાણે.
સહીશું ભવ દુઃખો દુઃખે, પીડા મારક નહીં આણે;
ભલે ના તે દયા ધારે, જરૂર એ ઈશ ઉર આણે.

---

* મારની બીક.

બે-વફા દીલબર.

કવ્વાલી.

અરે! ઓ! બે-વફા દીલબર, રહેમની કંઇ નજર તો કર!
જીગરનું કાં બને ખંજર? અરે! ઓ! બે-વફા દીલબર.
જાણી સુ-વર્ણ ચિત્ત દીધું, કથીર[1] રૂપ દર્શ હા દીધું;
[2]પિયુષમાં વિષ અહા! દીધું, અરે! ઓ! બે-વફા દીલબર.
જીગર જે વસ્લને ચ્હાતું, સદા ત્હારૂં રટણ થાતું;
કરે ત્હેને શું ભૂ પાતું, અરે! ઓ! બે-વફા દીલબર.
હું સરૂપ તુજ જીગર જાણી, ફસાયો હા! સનમ શાણી;
પ્રીતિપર ફેરવ્યું પાણી, અરે! ઓ! બે-વફા દીલબર.
હતી જ્યાં સુખની આશા, મળી હા! ત્યાંથી નિરાશા;
જીગરના કાં લે નિસાશા, અરે! ઓ! બે-વફા દીલબર.
જીગરથી હું વધુ ચ્હાતો, અરે તેને દીયે લાતો;
જીગરની ક્યાં કરૂં વાતો, અરે! ઓ! બે-વફા દીલબર.
જમાડયો ને જલાવ્યો તેં, દઇ પ્રીતિ વિસાર્યો તેં;
ફરેબે હા! ફસાવ્યો તેં, અરે! ઓ! બે-વફા દીલબર.
જીગરનું કાં કરે છેદન, જીગરનું તું હતું તન મન;
ખતમ કીધું જીગરનું ધન, અરે! ઓ! બે-વફા દીલબર.
અરે હા! જર તણી પ્યારી, નહીં મહોબ્બત તણી યારી?
ખરેખર! બે-વફા! નારી, અરે! ઓ! બે-વફા દીલબર.

---

૧ કલાઇ, ૨ અમૃત.

દઈ આશા ભમાવે તું, બોલાવીને બનાવે તું;
બનાવીને જલાવે તું, અરે ! ઓ ! બે-વફા દીલબર.
અરે હા ! જર તણી દાસી, નહીં તું પ્રેમની પ્યાસી;
સ્વછંદી સ્વાર્થ અભિલાષી, અરે ! ઓ ! બે-વફા દીલબર.
જીગર બાળે જીગર બળશે, નહીં મહોબ્બત ગઈ મળશે;
ન ડંખો ! શબ્દ ના ટળશે, અરે ! ઓ ! બે-વફા દીલબર.

શું આવશે સમશાનમાં

વિ. હરીગીત.

મોહાન્ધ માનવી મારૂં ! મારૂં ! કરી સૌ સ્થળ ધાય છે !
પ્રપંચી ને વિશ્વાસઘાતી, બની કાં ! મલ્કાય છે ?
દ્રવ્ય માટે શ્વાન થાતો, મોહ મદીરા* તાનમાં !
દર્શાવને ! હે ! પ્રીય સખે ! શું આવશે સમશાનમાં ?
મોટરોને સાયકલોમાં, ફેશનેબલ થઈ ફર્યાં !
દેશની ઉન્નતિપરે ત્યાં, ધર્મમાં કર ના ધર્યાં ?
ત્યાગી શ્રદ્ધા ઇશ પરે, મોહતો વિષયના ગાનમાં;
દેખાડને ઓ પ્રિય સખે ? શું આવશે સમશાનમાં ?
ચલિત વિષયોમાં બન્યો, વિલાસી તજી ઇશ સ્નેહને !
પાપો કરીને પોષતો તું, મલિન ત્હારા દેહને !
કર્તવ્ય શું એ સત્ય ત્હારૂં, સમજને કાંઇ શાનમાં ?
દર્શાવને ઓ ! પ્રિય સખે ! શું આવશે સમશાનમાં ?

---

* દારૂ.

જાલીમ અધિકારી,

કવ્વાલી.

અરે જાલીમ અધિકારી, અધિકારોમાં શું ફૂલે !
ગરીબ ગરદન ધરે છુરી, નહીં કુદરત કદી ભૂલે ?
બની મોહાન્ધ અધિકારે, ગરીબને કાં સતાવે છે ?
અસ્તોદય સર્વ શિર જાણો, છતાં જાલિમ કહાવે છે.
અધિકારી અમલદારી, ખરેખર ! [1]દામિની જેવી;
ખરેખર ! સ્વપ્નવત્ હા ! છે, નથી તે તો અમર રહેવી.
ગરીબ શોણિતના[2] તરસ્યા, ગરીબની હાય લેનારા;
સમજ દીન ચાર ચાંદરણું, પછી આંસુડા ભરનારા.
પુર્વના પુન્યના યોગે, બન્યો ! અધિકારી જો જન તું;
ગરીબ આશિષ રૂપી રત્ન, ભર ભંડારમાં જન તું.
કરી લે કીર્તિનાં કાર્યો, અચળ રહે તાહરી પાછળ;
ભલાઈનું તું લે ભાથું, નહીં મદ કેફમાં તું ભળ.
અધિકારી મળ્યો અધિકાર, નહીં ઇશ દ્વારમાં ચાલે;
જનમ જાલિમ પણે ખોયો, તો પડશો યમ્ તણા પાલે.
અધિકારે કરી લે શ્રેય, નહીં પુંજ પાપના ભરશો,
आत्मवत् सर्व भुतेषु, ગણીને સિંધુથી તરશો.

---

૧ વીજળી, ૨ લોહી.

મસ્તાન મન

કવ્વાલી.

અરે મસ્તાન મન ત્હારી, મને બહુ બીક લાગે છે;
અને હીમ્મત બધી મ્હારી, તુંથી પળવાર ભાગે છે.
મને છે એક આશા તે, પૂરી તો યાર કરવા દે ?
સ્વાત્માની પ્રતિમાને, દીલે તો યાર ધરવા દે ?
પણ તું હસ્તી સમ મદમાં, હણે નિર્બળ અયે વ્હાલા !
કરાવ્યા છે ઘણા ફેરા, અરે ! મસ્તાન તેં ઠાલા.
નથી ત્હારી મને શ્રદ્ધા, પરંતુ હું સ્તુતિ કરતો;
જરા કાંઇ રહેમ લાવીને, કૃપા ઇન્સાફ જો કરતો ?
નથી તુજ સાથમાં મ્હારે, વિચરવું તો અત્યારે જો ?
ગણું આભાર હું ત્હારો, જો સન્માર્ગે જવા દે તો ?
પછીથી તું ભલે લેજે, મ્હને સપડાવી તુજ પક્ષે !
પરંતુ શું કરે ત્યાં તું, જ્યાં સ્વાત્મા મને રક્ષે !
જવા દે એક વેળા જો, નિજાત્માને પરખવાને !
નહીં આ ! બે--વફા ! આવું, ફરી તુજ પાસ મળવાને !

સંતોષામૃત.

વિ૦ હરિગીત.

ઈર્ષાગ્નીથી આ માનવી, શા સારૂ શુષ્કજ થાય છે !
જાહો-જલાલી અન્યની જોઇ, હૃદય બળી જાય છે.

હા ! જીવન-રૂપી વેલ તો, ઇર્ષા કીડે વિલાય છે;
ઇર્ષાગ્નીનો હા ! રોગ, સંતોષામૃતેથી જાય છે.
જો પુર્વના સંસ્કારથી, અમીરી ફકીરી છે મળી;
આનંદ લે સંતોષ લે, રસવાન કુદરતમાં ભળી.
વિહરતુ સંતોષે સદા, જા ! ના ! બળી જા ! ના ! બળી;
સત્કાર્ય ને સંતોષથી જા ! ઉચ્ચ સ્થિતિમાંહી ભળી.
બન ! નહીં જવાસા રૂપ તું, બની કુસુમરૂપ પ્રફુલ્લ થા;
સુખ જોઇ બળ નહીં અન્યનું, પણ આત્મભાવે ફુલ થા.
આત્મભાવે ફુલ થા ! કુદરત બગીચે ફુલ થા;
કાગ ઇર્ષા પાળ નહીં, શાન્તિ સુકે મશગુલ થા.
પુરૂષાર્થ સ્પર્ધાને સજી, ઇર્ષા તજી દે ભ્રાત તું;
પુરૂષાર્થ પુન્ય બળે સખે ! રીઝાવી દે જગ તાત તું.
ઇર્ષાગ્ની સમ તું ઇશ લગની, જો લગાડે ભ્રાત તું;
વિશ્વે વિજય હા ! વર્તશો ? લે બાંધી ઈશથી નાત તું !

પરતંત્રતા.

વિ. હરીગીત.

પરતંત્રતા પરતંત્રતા તું, વજૂ બેડી સમાન છે;
આરામ ને શાન્તિ પરે, તું તીવ્રરૂપ કમાન છે.

તું તીવ્રરૂપ કમાન છે, નહીં પિયુષ પણ વિષ પાન છે;
અફસોસ છે મોહાન્ધ હિંદે, તાહરૂં સન્માન છે.

× × × × ×

પરતંત્રતાના ભારથી, ખુબ જીવન આ જકડાય છે;
સ્વતંત્રતા સાકર તજી, કટુ નોકરીને ચ્હાય છે.
કટુ નોકરીને ચ્હાય છે, દાસત્વમાં હરખાય છે;
દાસત્વનાજ પ્રભાવથી, ઉદ્યોગ હા ! વિલાય છે.

× × × × ×

ઇંગ્લીશ ભણ્યા હા ! ભાવથી, પણ નોકરીને ચ્હાય છે;
સ્ટીક સુઝ ને ચશ્મા સજી, ધરી વૉચ[1] હા ! મલ્કાયછે.
દશ વીશ દરમાયા પરે, હા ! કલાર્ક બનવા ચ્હાય છે;
ઉદ્યોગી મજુરો કલાર્ક કરતાં, કહોજી ? જુજ કમાય છે?

× × × × ×

ધરી પેટલુન વળી કોટપર, કૉલર અહા ! મનહર ધરે;
કૉલર પરે ધરે [2]ટાઇને, ચીરૂટ લઈ વૉકીંગ[3] કરે.
અતિ શ્રમ લઈ ઇંગ્લીશ શીખી, સરવીસતણી ઈચ્છા કરે;
શ્રમ દ્રવ્યને જીવન તણું, સાર્થક થયું સરવીસ ધરે.

× × × × ×

પરતંત્રતા સરવીસ જીવન, વિકાશની છે હા ! છુરી;
પરતંત્રતા સરવીસ છે, આરામ શાન્તિની છુરી.

---

૧ ઘડીયાળ, ૨ નેકટાઇ, ૩ ચાલતાં.

પરતંત્રતા સરવીસ કરજે, પ્રભુની પ્રીતે પુરે પુરી;
અન્ય સરવીસ ગ્રહણ કરતાં, બિલાવશો જીવન ઝુરી.

દુનિયા ડાહી કે દિવાની ?

કવ્વાલી.

જીગર! મ્હારાને સમજાવો કે! દુનિયા ડાહી કે દિવાની ?
નારંગી રંગી કુદરતથી, છતાં દુનિયા કહે ના–રંગી.
કહોજી! સત્ય બોલે છે! તો દુનિયા ડાહી કે દિવાની ?
અરે! જો નેત્ર દુઃખે તો! કહે છે! આંખ આવે છે;
વદે ના જાય છે નેત્રો? તો દુનિયા ડાહી કે દિવાની?
અરે હા! ઘ્રત તણું કુલ્લાં! રહે ભોજન ગૃહોની માંહય;
ઉપાનોને[1] અરે નિંદે, તો દુનિયા ડાહી કે દિવાની?
મનુષ્યના સ્પર્શે અભડાયે, ઉપાનો સહુ ભરે પાણી;
વદે મરજાદને ધર્મી! તો દુનિયા ડાહી કે દિવાની.?
અરે [2]અંગુલી કાપે તે! વદે છે દુનિયા [3]પાળી?
અર્પતી ઘ્રત તે વહાડી! તો દુનિયા ડાહી કે દિવાની?
જતાં હોયે વહુ સાસુ, પુછે કો કોણની વહુ એ;
વદે સાસુ એ વહુ મ્હારી, તો દુનિયા ડાહી કે દિવાની?

---

૧ જોડા, બુટ, ૨ આંગળી, ૩ છુરી.

મેટ્રીકના મનોદ્ગાર.

વિ. હરીગીત.

ઇંગ્રજીમાં દાખલ થતાં, આનંદ અંતરમાં થતો;
ધોતી તજી પેટલુન સજી, સ્કુલમાં અહો ! શોકે જતો.
ફર્સ્ટમાં ફક્કડ બની, પાંથી હું મનહર પાડતો;
અજ્ઞાન માત પિતા ગણી, કુલ ઢેમ કહી રંજાડતો.
સેકન્ડ મહીં સાયકલ લઇ, કૉલર અને પીન રાખતો;
હોટલ મહીં બોટલ ધરી, બુટ સાથ ખાણું ચાખતો.
થર્ડમાં ઠંડા મનોહર, હેરઓઇલ નવીન વસાવતો;
ચીરૂટ અહા ! કરમાં ધરી, મુજ વદનને દીપાવતો.
ફોર્થમાં હા ! ફેશનેબલ, સલુને હું બાલ કપાવતો;
વિસ્કી તણો ઇશ્કી થઇ, વડીલોને ખુબ દબાવતો.
ફીફ્થમાં [1]ફીઅર તજી, [2]ડીયર લઈ ફરવા જતો;
કીર્તી વિવેક શરમ તજી, નીજ ધર્મને ધિક્કારતો.
શીક્સમાં શિક્ષક તણી, પરવા નહીં ઉર લાવતો;
સ્ટીક વૉચ [3]સ્પેક્ટેકલ સજી, રીતી જુની વિસારતો.
સેવન્થમાં હા ! સજ્જ થઇ, ફુલ ડ્રેસમાં હું મ્હાલતો;
અભિમાનને ભપકા મહીં, હું પોઝીશનમાં ચાલતો.

---

૧. ભય ૨. બૈરી. ૩. ચશ્મા

મુશીબત અહા! મુજપર પડી, *સીકનેસમાં દીન ગાળતો;
ઉજાગરા ને બ્રાન્ડીથી, ચિંતા જીવનની ભાળતો.
ધર્મ કર્મ રહીત થયો, ૧ત્રિશંકુની ગતિ ન્યાળતો;
સાર્થક ન કીધું જીવનનું, [હું] જે ફેશનોમાં મ્હાલતો.

અમર ઈલ્કાબ.

કવ્વાલી.

અયે ઇલ્કાબના ભોગી, લઈ ઇલ્કાબ શું ફૂલે ?
ન રહે ઈલ્કાબ કે હું ! તું ! છતાં સન્માર્ગ કાં ભૂલે ?
મળ્યો માનવ જનમ હીરો, નહીં ઈલ્કાબ કાજે ધો;
વિસારી ફાની ઇલ્કાબે, અમર ઇલ્કાબ લેવા જા.
ધરો આખી ૨એ. બી. સી. ડી, ૩પરાર્થે હામ ના ! ભીડી;
નહીં હા ! સ્વર્ગની સીડી, ગરીબની હાય લઇ પીડી.
ભરો ઇલ્કાબના સકટો, નહીં ઇલ્કાબ ત્યાં આવે;
ઇશ દરબારમાં મહાશય ! ન તુજ ઇલ્કાબ ત્યાં ફાવે.
પૂર્વના પૂન્યના યોગે, મળી જાહોજલાલી જો !
દીનાશિષરૂપ ઇલ્કાબે, જીવન ઉજ્વલ તું કર નહીં ખો.
ચહે લેવા અમર ઈલ્કાબ ! તો દીન આશિષની ભર છાબ;
નિરાશા અંતરે બન ૪આબ ! લે તું ધર્મવીર ઇલ્કાબ.

---

* માંદગી. ૧. રાજા, ૨. અંગ્રેજી કક્કો, ૩. પરાયા કામમાં, ૪. પાણી.

દેવ દર્શન કે નયન દર્શન.

વિ. હરીગીત.

હા ! દેવના પવિત્ર નામે, નયન દર્શન થાય છે;
કો મુમુક્ષો એ સ્થળે, લાખોમાં એક જણાય છે.
પુન્ય બદલે પાપ લેતા, અસંખ્ય જન દેખાય છે;
આ દેવ દર્શન નહીં પરંતુ, નયન દર્શન થાય છે.
કો ! વનિતા શ્રમિત પતિને, તજી દર્શન આવતી;
ભક્તાણી થઈને પ્રેમઘેલી, દર્શને ઘર ઘાલતી.
નામ લેતી શ્રી પ્રભુનું, દ્રષ્ટી કો પર જાય છે;
આ દેવ દશન નહીં પરંતુ, નયન દર્શન થાય છે.
જાવા હિયે નહીં જો પતિ, તો પિંગળા સમ આ સતી;
પવિત્ર દર્શન મિષ ધરી, પતિને અહા ! ધમકાવતી.
નિર્દોષ પતિને છેતરી, અંતર અતિ મલકાય છે;
આ દેવ દર્શન નહીં પરંતુ, નયન દર્શન થાય છે.
કો પુષ્પમાળા હસ્તમાં, લઇ મંદ હાસ્યે ચાલતી;
ધરી સુક્ષ્મ મનહર પટકુળો, વળી હંશ ગતિથી ચાલતી.
ભક્તાણી સમ પણ મદન ભકતો ! ત્યાં અતિ ઉભરાય છે;
આ દેવ દર્શન નહીં પરંતુ, નયન દર્શન થાય છે.
હા ! મદન ભકતો દંભથી, મુખરામ લઈ ભકતો બને;
શણુગારની વાતો કરાવી, ઘેહલીના ગુરૂ બને.

અંતરતણા ઉભરાવા સમાવા, અન્યો અન્ય મિલાય છે;
આ દેવ દર્શન નહીં પરંતુ, નયન દર્શન થાય છે.
જે અહલ્યા સીતા સતી, દમયંતી ને મંદોદરી;
સતી પાર્વતી ને અનસૂયા, જગમાં સતી સર્વોપરી.
ઓ સતી પતિને વંદતીતો, આ મદન વંદતી જાય છે;
આ દેવ દર્શન નહીં પરંતુ, નયન દર્શન થાય છે.
સેવો પતિને ઇશને, નિજગૃહ વિષે ખુબ પ્રેમથી;
આરાધો ઈશને કૃતિમ નહીં, પણ હૃદયના શુદ્ધ પ્રેમથી.
સાર્થક કરી લ્યો જીવનનું, જે ક્ષણમહીં વિલાય છે;
સુકા મહીં લીલાં બિચારાં, કંઇક નટવર જાય છે.

શું પડયું ? (ધુળ.)

ભૈરવી ગઝલ.

નિજ વાહ વાહ ! જગમાં કરી, ખુબ ટાયલાં વાતો કરી;
મહાશય બન્યા નહીં કોઇના, એ વાહ વાહમાં શું પડયું ?—ધુળ !
ધનવાન પુન્ય થકી થયા, વિશ્કીતણા ઇશ્કી થયા;
પણ ગરીબ અંતર જો દહ્યા, તો વૈભવોમાં શું પડયું ?—ધુળ !
મોટરો ને સાયકલો, ખાંતે વસાવી બહુ ભીલો;
પણ ધર્મપર માર્યો ખીલો, એ સાહ્યબીમાં શું પડયું ?—ધુળ !
નિજ પત્નિ મોટરમાં ફરે, હોટલ મહીં બોટલ ભરે;
બાયકોટ માતતણો કરે, મોટાઇમાં કહો શું પડયું ?—ધુળ !

નિજ વૃદ્ધ પિતુને પરહરે, મોટર મહીં ભભકે ફરે;
નહીં હાય પિતુની ઉર ધરે, એ પોઝીશનમાં શું પડયું?—ધુળ !
ઈલ્કાબી થઇ જગમાં ફરે, દીન જોઇ આંસુ ના ઝરે;
મદ મસ્ત પાયે પરહરે, વરણાગીમાં કહો શું પડયું?—ધુળ !

હિંદ ભાનુ.

કવ્વાલી.

અરે ! હા ! હીન્દ ભાનુ તું, ચમકતો આખી આલમમાં;
જમાનારૂપ શું રાહુ, પડયો તુજપર ન માલુમ હા !
કુદરતના બગીચામાં, સુપુષ્પો રૂપ નર–નારી;
જીવન બળ અર્પતો પ્રીતે, હવે પલટાઈ છે વારી.
શ્રદ્ધા ને પ્રેમમય દ્રષ્ટિ, અને રસયુક્ત આ સૃષ્ટિ;
હતી વ્હાલી વિભુ ભક્તિ, નિયમસર આવતી વૃષ્ટિ.
હતાંજ અભેદરૂપ અંતર, સુગુણો ખીલતા અંદર;
અને સન્નારી ગૃહ મંદીર, ગણાતી તે પતિ દુઃખ હર.
હતાં કિર્ણો સુયશનાં બહુ, થયાં ઝાંખા અરેરે ! સૌ;
હતી જ્યાં પ્રેમમય છાયા, કપટ ચાતુર્ય ત્યાં છાયાં !
હતી હા ! ઐક્યની સાંકળ, સગાંના અંતરો અંતર;
હવે પલટાઈ હા ! વારી, જમાનો આવીયો દુઃખકર.

ખુશામત મોહિની.

વિ૦ હરિગીત.

હા ! ખુશામત રૂપ મોહિની, જગ અને જગપતિ ન્હાય છે;
ઉપાશકો હા ! તાહરા, સુખ સ્વાદ લેઇ હરખાય છે.
ત્હારા પ્રભાવે રંક પણ, શ્રીમંતરૂપ બની જાય છે;
મનવાંન્છના પુરણ કરણ, સૌ સ્તોત્ર ત્હારૂં ગાય છે.
હા ! સેવનાજ બળે કરી, ધ્રુવે અચળ પદ છે લીધું;
સબરી સુધન્વાને મીરાંએ, નામ જગમાં છે કીધું.
પ્રલ્હાદ નરસિંહે વળી, દુઃખ વિષ પ્રેમ થકી પીધું;
સુરદાસ ને પિપાજીએ, ઇશ ચરણમાં જીવન દીધું.
હા ! સેવનાને સાધીને, ઉપયોગ કર શુભ જીવનમાં;
મળશે મનોરથ તાહરા, વિજયીજ બનશો જીવનમાં.
કરજે ખુશામત ઇશની, તું અલ્પ ત્હારા જીવનમાં;
અનન્ય ભાવે સેવીને, જાજે મળી જગ જીવનમાં.

× × × × ×

હિંદ બગીચાના અરે ! સુપુષ્પ રૂપ નર નારીઓ,
વિલાઇ જજો, કરમાઇ જજો, ઇશ સેવા સુગંધ ન ધારીજો.

બાળકોની તનદુરસ્તીમાટે ઓસરનું બાલામૃત વાપરો.

નદી સ્નાન કે મદન સ્થાન.

વિ. હરિગીત.

હા ! તીર્થરૂપ પવિત્ર સરિતા, સ્નાન તો લેખાય છે;
પણ તીર્થભાવે માનનારા, લાખે એક જણાય છે.
ત્યાં આશકોને માશુકોનું, રમ્ય સ્થાન મનાય છે;
આ નદી સ્નાન નહીં પરંતુ, મદન સ્થાન ગણાય છે.
પટકુળ[1] ઝીણાં પહેરી, ગજગામિની સમ ચાલતી;
આજુબાજુ આશકોને, નજર તીરછી મારતી.
શરમ તજવા પવન પણ, વસ્ત્રો લઇ ઉડી જાય છે;
આ નદી સ્નાન નહીં પરંતુ, મદન સ્થાન ગણાય છે.
કો જળ મહીં અર્ધાંગપર, નીજ કેશ આચ્છાદીત કરી;
હા ! નિજતણું સૌંદર્યપર, તે ભાળતી ભ્રગુટી ભરી.
નીજ તન સરિતામાં અહા ! મીન આશકો લોભાય છે;
આ નદી સ્નાન નહીં પરંતુ, મદન સ્થાન ગણાય છે.
કો સુંદરી કરી સ્નાનને, નદી ત્રટપરે ઉભી રહે;
ભીંજાયેલાં બારીક વસ્ત્રે, આશકોનું મન હરે.
જ્યાં પવિત્ર પાઠ ભણાય ત્યાં, હા ! મદન ! સ્તોત્ર[2] ભણાય છે;
આ નદી સ્નાન નહીં પરંતુ, મદન સ્થાન ગણાય છે.

---

૧. લુગડાં, ૨. પાઠ.

સ્નેહીને પત્ર.

ગઝલ.

ખિલાવી સ્નેહ વેલીને, પછી શું નાંખવી છુંદી;
પથ્થરવત્ કાં હૃદય થાતું ? ખિલાવી દે નહીં છુંદી.
હૃદય બુલબુલને થઇ કા ક્રૂર, જુદાઈ સર કરી મારે;
દેખાડી પ્રેમરૂપ ફળને; પછી નિર્દય શું સંહારે.

પ્રત્યુત્તર.

ગઝલ.

કુદરતના બગિચામાં, કરોડો વૃક્ષ ને વેલી;
તમારો ત્હેનો ને મ્હારો, ગણો તો એક છે બેલી.
પોષે ને ખિલાવે તે, વળી સુગંધ તે દે છે;
કદી કરમાય વેલી તો, તો તેનો દોષ કોને છે ?
ખિલાવા પોષવાના તે, કદાપી છુંદવાના તે;
નથી ત્હારે નથી મ્હારે, અધિકારો એ કુદરતને.
પ્રભુ લીલા હકુમતથી, જન્મતાને ફુલ્યા ફાલ્યા;
મરણના કાયદાથી તે, જડામુળથી ગયા ચાલ્યા.
તથાપી ફર્જ એ ત્હારી, અને મ્હારી હું સમજુ તો;
રહમ દીલ રહેવું સૌ પ્રત્યે, અધિકારી એ સમજુ તો.
દીલની દીલરૂબા સાથે, કદી દીલ એક થઇ ગાશે;
વખત વહેવાની સાથે તે, જુદા થઇને જુદા થાશે.
છતાં તે દોષ દીલનો નહીં, વળી નિષ્પાપ છે દીલબર;
કુદરતી કાયદાઓનું, જુવો આકાશ છે શિરપર.

પ્રેમી પંખીને આશ્વાસન.

ગઝલે કવ્વાલી.

અરેરે ! પ્રાણુ મમ બુલબુલ, નહીં મોહજે તું દ્રશ્યોમાં;
જગતનું સુખ છે ક્ષણભર, ખરૂં સુખ છે અદ્રશ્યોમાં.
જગ રણનો તું તો પંથી, જાજે સુમાર્ગની વાટે;
ન્યાળી જ્ઞાન નેત્રોથી, ન ફસતો મોહની ફાંટે.
ફના છે સુખ આલમમાં, ન માલુમ શું થશે કાલે;
છતાં મોહાન્ધ થઇને હા ! અરેરે ! ગર્વમાં મ્હાલે.
હજારો બુલબુલો ઉડી, ગયાં જગ વાટિકા છોડી;
તજી દે ફાનિ હા માયા, ન આવે સાથ હા ! કોડી.
કરીને ગાન ઇશ ગુણનું, સદા તું શાન્તિમાં રહેજે;
કરીને શાન્ત જન હૃદયો, મીઠાં કીર્તિ ફળો ગ્રહજે.
ફના છે જગતની પ્રીતિ, ફના છે ધામ તુજ આતો;
ગ્રહી કીર્તિ ફળો ઉડજે, સ્વદેશે ઇશ ગુણ ગાતો.
જીવવું અલ્પ ત્હારે તો, બનીને પ્રેમમય જીવજે;
નહિ તો ફાનિ દુનિયાથી, સદા દીલબર તું વિચરજે.

પાકી ગેરંટી સાથે ખાસ તલના તેલથી બનેલું ગ્રોસરનું
આમળાનું તેલ વાપરો.

હમારી મુરાદ.

કવ્વાલી.

અમે એકાંતમાં રહેવા, હમેશા ! ઉરમાં ચહીએ;
તમારાથી અલગ રહેવા, દીલે આતુર બહુ છેયે.
તમારા ધર્મ ને નીતિ, અરે ! રાખો તમે પાસે;
ન જોઇએ કાંઇ તે મ્હારે, અમોને લાભ શું થાશે ?
તમારી ચાલ ચલગતને, હમેશા રાખજો પાસે;
હમારાથી ન વેઠાયે, જીગર ઈર્ષાળુઓ પાસે.
ભલે ! કહેજો ! ભુંડા બુરા, અને લુચ્ચા ઠગારાઓ;
પરન્તુ છેડશો ના ! ના ! હિતેચ્છુ રે અમારા ઓ.
હમારાં ચક્ષ છે અવળાં, તમોને ઉલટું દેખે;
તમો બુરાઇને પેખો, ભલાઇને ભલા પેખે.
હમારી બુદ્ધિ પણ બુઠ્ઠી, તમારી તિવ્ર છે રહેતી;
તમારી નિર્મળી બુદ્ધિ, ભલે પુર જોસમાં વહેતી.
તમારાં સર્વ ચારિત્રો, ભલા તમ રાખજો ઢાંકી;
અમે જો આવીએ તમ દ્વાર, તુરત હા ! મુકજો હાંકી.

અમારા કારખાનામાં દરેક જાતનાં ગુલાબજળ, અર્ક, સુરમા, હેઅર ઓઇલ, અત્તર, તેલો વીગેરે દવાઓ બને છે.
પ્રોસર એન્ડ કુંપની નં. ૨૫ અમદાવાદ.

યોગેન્દ્રને નચાવતી લલના.

વિ૦ હરિગીત.

કર લટકાતા ગજ સુંઢ સમ, નયનો ચપળ ચમકાવતી;
રક્તોષ્ટ મનહર મુખડું, મૃદુ હાસ્યથી મલકાવતી.
થન ! થન ! નચંતી, ચાલતી, હા ! મહાલતી શું મોહિની;
મીન યુગ્મ સમ નયનો અહા ! ગણતી ન ધરતી કોઇની.
વચનો મધુર વરસાવી જનપર, પ્રેમ ખુબ બતાવતી;
યોગેન્દ્રને લલના અયે, તું ! મયુર પેર નચાવતી.

અંબૂજ વિલાસી.

ગઝલ.

અયે ! ભોળા ભ્રમર પ્રણયી, અરે અંબૂજ ના ધ્યાની;
બની મોહાન્ધ કાં તલસે, અરે નેત્રાંધ અભિમાની.
હજારો લાખ ભૃંગો તો, બન્યા છે પ્રેમમાં કેદી:
અહા ! અંબૂજ પ્રેમાર્થે, શક્યા નહીં બંધનો છેદી.
ઇશ્વરનું જ્ઞાન તું દે છે, નથી તેની જરા પરવા;
જગત્‌ને શીખ તું દે છે [કે] જીવ તું સ્નેહમાં મરવા.

દુનિયામાં પ્રખ્યાત પામેલું. ખુશબોહાર–મોતીરંજન વાપરો.

તાહરૂં કોણ ?

વિ૦ હરિગીત.

ભોળા જીગર વ્હ-ને અરે, તુજ કોણ છે આ જગતમાં;
વ્હને સખે ? કહેને સખે ? તું મોહના આશક્તમાં.
ત્હારૂં ન કો ! શાને તું મોહ ! આ સ્વાર્થની બાજી સખે;
આ વિકટ મોહે ફસ નહીં, નહીં સત્ય પ્રેમ કૃતિમ અરે.
તુજ સંપત્તિ જાહોજલાલીમાં, સદા સઉ આવશે;
વિવિધ મિષ્ટ વચન ઉચ્ચારી, કીર્તિ ત્હારી ભાખશે.
પણ દુઃખ સમયે તો વિરક્તજ, થઈ જશે અદૃષ્ય થશે;
પણ સત્ય પ્રણયી છે પ્રભુ, તે વિણ ન ત્હારૂં કો થશે.

ઈશ્કને આવાહન.

વિ૦ હરિગીત.

અનહદ! કળા ત્હારી અરે! કળી ના શકે હા! વ્યક્તિએ;
અપ્રતિમ ત્હારી છે પ્રભો! ને અજબ ત્હારી શક્તિએ.
છે વંદના ! છે પ્રાર્થના ! ઓ ! ઇશ્ક સાચા તુજને;
ઓ ? ઇશ્ક રશ્મિ[1] નાંખજે, હા ! ઇશ્કથી તું મુજને.

---

૧. કીરણ.

ઇશ્ક વિણુ જીવન વૃથ ને, ઇશ્ક વિણુ સંસાર શું !
ઇશ્ક વિણુ આ જગતમાં, દુર્લભ વસ્તુ સાર શું !

ઇશ્ક સાચા ઇશ્કીને તું, પ્રેમ [1]જામ પીલાવજે;
ત્રિતાપ મુક્ત કરી અને, રસ પ્રેમમાં રેલાવજે.

દાતા તું દેવી જીવનનો, નહીં કૃતિમ જગના પ્રેમનો;
નેષ્ટ કૃતિ જગ છો વદે, પણુ [2]પ્રણુયીને તું હેમને.

ત્હારી કૃપાના કિર્ણુથી, જગમાં અમર કંઇ થઇ ગયા;
ત્હારી કૃપાના કિર્ણુથી, બિંદુ તે સિંધુ થઇ રહ્યા.

જયાં વાસ ત્હારો સ્વર્ગ છે, તુજ વિણુ સ્વર્ગ ન કામનું,
ઓ ! ઇશ્ક સાચા ઇશ્ક તું, દે દાન ત્હારા જામનું !

ઇશ્કનાજ પ્રભાવથી, મીરાં મળી શ્રી ઇશને;
બિલ્વ પણુ હા ! તુજ પ્રભાવે, પામીઓ જગદીશને.

ઇશ્કનાજ પ્રભાવથી, ધ્રુવે અચળપદ મેળવ્યું;
શગાળશાહે ઇશ્ક માટે, પુત્ર મસ્તક છેદીયું.

શીવાજી પણુ હા ! ઇશ્કથી. કીર્તિ [3]દિગંત કરી ગયા;
નરવીર દાદાભાઇ પણુ, ઇશ્કે ઝઝુમી છે રહ્યા.

સત્ય ઇશ્કી જગતમાં, અમર થયા પુજનિય થયા;
નહીં નેષ્ટ ઇશ્કી જગતમાં, પણુ સત્ય ઇશ્કી જે થયા.

આ ક્ષનિ દ્દષ્ય પ્રપંચનો, છે ઇશ્ક સાચો ! ના સખે !
અદ્દષ્ય ઇશ્કનો ઇશ્ક સાચો, મોહતો ના ક્ષનિ પરે.

ઇશ્ક સાચા, ઇશ્ક વ્હાલા ! હૃદયમાં તું આવને,
ત્રિતાપથી અંતર [4]દહે ! શાન્તિ સુધા રેલાવને.

---

૧. પ્યાલો, ૨. ચ્હનાર, ૩. ચોતરફ, ૪. બળે.

ચિત્ત ચાહ્યા કરે !

(નહેર અયે ફરહાદ એક સંગીન બનાના ચાહીએ.)—રાગ

ૐ તત સત્ અખિલેશ નિયંતા, શરણાગત્ વિભુ તું ખરે !
ત્રાતાદાતા તું જગનાયક, ચંચળ ચિત્ત ચાહ્યા કરે !
જન્મ્યા પહેલાં પય[1] પ્રગટાવી, પોષક અર્ભકનું[2] કરે !
કૃપાળ દીનદયાળ ઇશ્વર, ચંચળ ચિત્ત ચાહ્યા કરે !
ત્રણનો મેરૂ નરેશ[3] ભીખારી, જળમાં સ્થળ વિભુ તુ કરે !
અકળ કળા ન કળાય ત્હારી, ચંચળ ચિત્ત ચાહ્યા કરે !
મનહર ઉપવન કુંજ મહીં હા !, નિર્મળ ઝરણ ઝર્યા કરે !
સાગર [4]સવિતા, સરિતા કાંધાં, ચંચળ ચિત્ત ચાહ્યા કરે !
પથ્થરમાં પણ વૃક્ષને પોષે, અકળ લીલા ત્હારી ખરે !
સૃષ્ટી સૌંદર્યતા નિરખતાં, ચંચળ ચિત્ત ચાહ્યા કરે !
જંગલમાં વિધ વિધ પક્ષીઓ, કીલકીલ ગાન કરી સ્મરે !
વિશ્વંભર દુઃખ વિઘ્ન હરા તું, ચંચળ ચિત્ત ચાહ્યા કરે !
જ્યારે અધર્મ અનીતિ જામે, ભક્તાર્થે તનુ[5] તું ધરે !
અધર્મ કાપી, સુધર્મ સ્થાપે, ચંચળ ચિત્ત ચાહ્યા કરે !
સનકાદિક નારદ સુર મુની સૌ, ધ્યાન અહા ! ત્હારૂં ધરે !
ભક્તાધિન ભગવાન પ્રભુ તું, ચંચળ ચિત્ત ચાહ્યા કરે !
વિભુવર, દુઃખહર રમાપતિ તું, દીન ભક્તોપર કર તું[6] ધરે !
ભક્ત ઉધારી દુઃખ વિદારો, ચંચળ ચિત્ત ચાહ્યા કરે !

---

૧. દુધ, ૨. બાળકનું, ૩. રાજા, ૪. સૂર્ય, ૫. દેહ, ૬. હાથ.

ધ્રુવ પ્રલ્હાદ સુધન્વા જેવા, ભકતોના તાપો[1] હરે !
નિજ શરણુને શિતળતા દે, ચંચળ ચિત્ત ચાહ્યા કરે !
શ્રદ્ધા પ્રેમ તણો અધિકારે, શ્રુતિ સ્મૃતી ગાયા કરે !
પ્રેમતણે વશ તું પરમાત્મા, ચંચળ ચિત્ત ચાહ્યા કરે !
સુર જગપતિ વિશ્વેશ્વર વિઠ્ઠલ, તુજ રટણે અધમો તરે !
અધમોધારણ અવિનાશી તું, ચંચળ ચિત્ત ચાહ્યા કરે !
અશરણુ શરણુ અમર અખિલેશ્વર, ત્રિતાપ હૃદયનાં તું હરે !
અરિ[2] ગંજન ભીડભંજન તું છે, ચંચળ ચિત્ત ચાહ્યા કરે !
નેતી નેતી શાસ્ત્ર વદે છે, અગમ નિગમ પ્રભુ તું ખરે !
ગુણુ ગાન કરૂં, ન મતિ રતી મ્હારી, ચંચળ ચિત્ત ચાહ્યા કરે!

બે–વફા મિત્રને

કવ્વાલી

અહા ! સન્મીત્ર આ જગતમાં, હૃદય વિશ્રામ રૂપ ભોગી;
અર્પતો પ્રાણુ પેમાર્થે, ખરેખર ! પ્રેમનો યોગી.
જગરૂપ દુઃખ દરિયામાં, મીઠી તો લ્હેર મિત્રજ છે;
(છતાં) કરે વિશ્રામનું છેદન, તો તેથી કોણુ નિર્લજ છે.
બનીને હા ! કૃતિમ પ્રણુયી, કરે વિશ્વાસઘાતો જન;
સહુ પ્રાયશ્ચિત મહીં આ પાપ, હેરૂ છે અધિક વજન.
ખરેખર ! કુંભી પાકાદી, તણો અધિકારી એ થાતો;
તજીને સ્નેહરૂપ દીપક, પાપ તિમીરે અથડાતો.

---

૧. દુઃખો, ૨. દુશ્મન.

હવે હકક આપ્યો દીક્ષાનો.

(વર્ત્તમાનકાળના વિપ્રો.)

કવ્વાલી.

અરે ! આ ઢોંગ શું કરતા ? તમે સૌ વિપ્રના બેટા !
કરી નિજ ધર્મને અળગો, અવર પંથો મહીં પેઠા.

કરો છો અન્યની સ્તુતિ, પતાવા પેટનો ટંટો;
અરેરે ! ધર્મ નિજ છોડી, બજાવો સ્વાર્થનો ઘંટો.

નથી ન્હાવું, નથી ખાવું, મલિન વસ્ત્રે વપુ લાજે;
નહીં સંધ્યા, નહીં ખટ્કર્મ, બની પંડીત બિરાજે.

પરાયા કાર્યમાં મંડી, અવલ કર્મો ભુલો છો શું !
તમારા પેટના ખાતર, [1]અવલ ધર્મો ચુકો છો શું !

હતા પ્રાચિનમાં વળી હાલ, કાંઇ વિપ્રઃ સરખાવો !
તમારા તેજ યુક્ત બળો, વિલાઈ શું ગયાં કહાવો !

વિદ્યાથી તજાયેલા, લઇ ઝોળી અહા ! કરમાં;
પુણ્યોજય કરી ઉભા, વળી કહે કોણુ છે ઘરમાં.

અરેરે ! તમ ઉદર માટે, નકામા અન્યને પીડો;
બની કો હસ્ત જોનારા, ચડાવી ચક્ર સીગોડો.

ગઇ શું હાથથી વિદ્યા, અવરને દુઃખમાં નાંખો;
નહીં વિદ્યા પરંતુ, ઢોંગથી મિથ્યા મુખે ભાખો.

જરા સમજો હવે બંધુ, નથી આ વખ્ત ભિક્ષાનો;
અયે દુઃખહર અયે ઇશ્વર, હવે હક્ક આપ દિક્ષાનો.

---

1. પ્રાચિન.

સુખની સરવીસ (નોકરી)

કવ્વાલી.

અરે ! હા! જીવ પ્રવાશી તું, ચહે જો સુખની સરવીસ;
સ્પૃહાગ્નિથી રીબાઇને, ચહે જો સુખની સરવીસ.
શાન્ત તું તો હવે થારે, ધરી લે કર્ણમાં શબ્દો;
હૃદય પટમાં લખી લેજે, ચહે જો સુખની સરવીસ.
ભલે સર-વીશ કે બાવીશ, પાસેથી મળી હોના;
કદી દીલગીર નહીં કરશે, ચહો જો સુખની સરવીસ.
શાસ્ત્ર જાહેર ખબરોને, વાંચીને સાર સઘળો લે;
અર્જ કરી લે તું ઇશ નૃપને, ચહે જો સુખની સરવીસ.
શ્રદ્ધાને પ્રેમરૂપ મેવો, અર્પજે ઇશને તું તો;
કદી દીલગીર નહીં કરશે, ચહે જો સુખની સરવીસ.
જ્ઞાન ભક્તિરૂપી સરટીફીકેટો લઇ સંગે જાજે;
લઇ સરવીસ સુખી થાજે, ચહે જો સુખની સરવીસ.
દયા હીનને કદરહીન, જગતમાં શ્રીમંત બહુ વરતાં;
ન જો જો મ્લાન મુખ વિનવી, ચહે જો સુખની સરવીસ.
સુદામા ને મીરાંબાઇ, વળી નરસિંહને ધ્રુવજી;
જોડાયા ઇશ સરવીસમાં, ચહે જો સુખની સરવીસ.
પ્રમોશન તો તને તે, અર્પશે અદૃષ્ય સત્તાથી;
બની નિર્ભય તું વિચરજે, ચહે જો સુખની સરવીસ.

ફેશનમાં ફસેલીના અંતરોદ્‌ગાર.

ઇંગ્રેજી બાર માસ.

(ગરબો.)

ઝીણા ઝરમર વરસે મેહ, ભીંજે મ્હારી ચુંદલડી— (રાગ)

જાન્યુવારીમાં જૉલી[1] ડીયર[2], પીયર તજાવી લાવ્યારે;
હરનિશ મુજ સમીપે રહે જેથી, મારા મનને ભાવ્યા.—
સુણ હો સાહેલી.
ફેબ્રુવારીમાં ફેરફાર હા ! મુજ જીવનનો થાતોરે;
સુધારાના હિમાયતી ગણી સઉ, કરતાં અમારી વાતો—સુણ.
માર્ચમાં હું મારચજ[3] કરતી, પતી સંગાથે રસ્તેરે;
સ્ટીકની[4] બીક વિસારી દીધી, કરૂં જોકીંગ[5] હસ્તે હસ્તે—સુણ.
એપ્રીલમાં અંગ્રેજી શીખી, અનુભવી થઇ પુરીરે;
હોટલ બોટલની થઇ ગ્રાહક, જુની રીતો થઈ બુરી—સુણ.
મેમાં મેં પોલકાં શીવડાવ્યાં, સાડી રેશમી લાવીરે;
છત્રી ચશ્માં [6]સુઝ [7]વૉચથી, વ્હાલાને મન ભાવી—સુણ.
જુનમાં[8] જુ સમ પતિને ગણતી, યૌવન મદમાં ફાલીરે;
સુધરેલ પતિના સ્હેવાશે મેં, પીધી ફૅસન પ્યાલી—સુણ.
જુલાઇમાં જુની ચીજો દેઈ, ન્યુ ફરનીચર લાવ્યારે;
ફેશનવાળું લોહ કાષ્ટ લેઇ, ધાતુપાત્ર તજાવ્યાં—સુણ.

---

૧ આનંદી, ૨ ધણી, ૩ કુચ, ૪ સોટી, ૫ મશ્કરી, ૬ બુટ, ૭ ઘડીયાળ, ૮ માથામાં રહેલું ઝીણું જનાવર.

આગસ્ટ માસે [1]ઓરચેસ્ટ્રાની, ટીકીટે નાટક જાતાંરે;
યૌવન રસ રેલાવા ખાતર, [2]મદીરા પીતાં પાતાં—સુણ.
સપ્ટેમ્બરમાં સજ્જન ફેશન, બધે રહ્યા બખાઇરે;
મોટરથી નંદન વન જાતાં, કરીને ખુબ સફાઇ—સુણ.
અકટોમ્બરમાં ઓટલા ઉપર, લઇ બીલો સૌ આવ્યારે;
પોઝીશનની[3] મુર્તિરૂપ મેં, પ્રથમ સૌને અડાવ્યા—સુણ.
નવેમ્બરમાં ન મળે નાણું, ડીયર [4]ફીઅરમાં પડીયારે;
ઘર જર [5]ન્યુ ફરનીચર અર્પી, મહાન શોકમાં પડીયા—સુણ.
ડીસેમ્બરમાં ડાહ્યાં થઇને, પડત ન પોઝીશનમાંરે,
ધર્મ કર્મ કીર્તિ ગુમાવી, ખુરાઇ [6]ઇમીટેશનમાં—સુણ.

× × × × ×

હાલ તો ડીયર પધારે પીયરમાં, મીસ્ટર રહે છે મીલમાં;
બી. એ. બન્યા બળહીણ, હિંદે રહે પડયા [7]મેહફીલમાં.

ઓ ! સુષ્ક કુસુમ તું ફુલ !

ઓ ! સુષ્ક કુસુમ તું ફુલ !
રસમય કીર્તિ સુગંધ યુક્ત હો,
નહિ તાપ ત્રિવીધથી ડુલ;
ઓ સુષ્ક કુસુમ તું ફુલ,
તુજ જીવન અહા ! મહામુલ....ઓ ! સુષ્ક કુસુમ તું ફુલ (૨)

---

૧ નાટકના પહેલા ક્લાસની ટીકીટ, ૨ દારૂ ૩ રૂવાબ, ૪ બીક, ૫ નવું, ૬ નકલી ૭ સભા.

ઓ ! મૃદુ કુસુમ તુજ જીવન પરાર્થે,
અર્પીત થાજે ડૂલ;
તું વિશ્વવાડીનું ગુલ............ઓ ! સુષ્ક કુસુમ. (૨)
મૃદુ પાંખલડી સ્નેહ રાશ્મથી,
ખિલાવે થાજે પ્રપુલ્લ;
જરી પુલ ખુબીથી પુલ...........ઓ ! સુષ્ક કુસુમ. (૨)
તું ભોજ્ય ભોકતા હા ! અન્યજ,
વિલાઈ ન જાતું ખુલ;
તું ખુલ મનહર પુલ..........ઓ ! સુષ્ક કુસુમ. (૨)
નહીં ઉત્કર્ષ જીવન ભક્ષકનું,
તું પરાર્થ ભોજ્ય મહાસુલ;
તું કુલ ન થા તું ગુલ..........ઓ ! સુષ્ક કુસુમ. (૨)
અનિલ સ્નેહી પરિમળ પ્રસરાવે,
તું સમિર હીંચોળે ઝુલ;
કર પ્રેમે જીવન વસુલ !...........ઓ ! સુષ્ક કુસુમ. (૨)
ભોક્તા જીવન જીવન સ્વાર્થમય,
તું કુલ તે પુલ એ શુલ;
તું કુલ અહા ! અણમુલ...........ઓ ! સુષ્ક કુસુમ. (૨)
વિયોગી લત્તાનો વિંધાઇ અરે તું,
કર્તવ્ય ન ત્હારૂં ભુલ;
કર સ્નેહે ઋણ વસુલ...........ઓ ! સુષ્ક કુસુમ. (૨)

વિંધાયેલા અંતરે કાર્યમાં,
તું રહેજે મશગુલ;
તું! શુષ્ક ન થા પણ ફુલ.......ઓ! સુષ્ક કુસુમ (૨)
તું અંત દિપક પ્રદિપ્ત થતો હો!
[જ્યારે] તું મધુર થાતું ગુલ;
ફુલીફર જીવન વસુલ..........ઓ! સુષ્ક કુસુમ. (૨)
તું પ્રેમી દંપતીની સૈયામાં,
રમજે થઈ અનુકુલ,
તું કુલ કુસુમ તું ફુલ...........ઓ! સુષ્ક કુસુમ. (૨)
અગર ઇશ ગ્રીવાને ભેટી,
તું મહાપદ ગૃહી લે અમુલ;
કર પ્રેમે જીવન વસુલ...........ઓ! સુષ્ક કુસુમ. (૨)



ગ્રોસરનું
ખાસ વનસ્પતિથી બનાવેલું
બાલામૃત
બાળકો ખુશીથી પીએ છે
વાપરો

હિંદ ગ્રહણ.

વિ. હરિગીત.

અયે ! ભારતના તનુ, પાળો ગ્રહણ શશિ સુર્યના;
હિંદ ગ્રહણ ન ગૃહણ કરતા, નેત્રાંધ ઓ તનુ આર્યના.
શશિ સૂર્યના ગ્રહણો મહીં, હા ! મ્લાન મુખડુ લઈ ફરો;
નિર્મળ સરિતા જળ મહીં; કરી સ્નાન તનુને શુદ્ધ કરો.
આ ભવ્ય હિંદ ગ્રહણ પરે, સનેત્રથી ના ન્યાળ તું;
અન્ય ગ્રહણો માનતા પણ, હિંદ ગ્રહણ ન પાળ તું.
હિન્દ ભાનુની પરે, ફેશનરૂપી રાહુ પડયો;
ફેશનતણાજ પ્રભાવથી, હા ! હિન્દ ! દીનકર ગુમ થયો.
હા ! ગુમ થયો વિલાઇ ગયો, કો ખેદ તેનો ના ધરે;
જો નિજ તનુ અજ્ઞાન હા ! ત્યાં હિન્દ કયાં જઇને ઠરે.
સનેત્રથી ન્યાળી જુવો, જ્ઞાનાંજનો કાંઇ આંજજો;
માતૃ પ્રેમ અભેદ જળથી, નિજ તનુ ઉદ્ધારજો.

જંગલોની જડીબુટ્ટીની અદ્દભુત શક્તિવાળી

બાળાગોળી.

યોગેશ્વર કેમીકલ વર્કસ-અમદાવાદ.

પ્રેમ લુબ્ધ ભ્રમર.

કવ્વાલી.

જગત ઉધાનમાં[1] આવ્યો, ભ્રમર[2] સુવાસની આશે;
ઘડીભર થોભતો ના તે, કહો એ કોણને ચ્હાશે.
ગયો ચંપાતણી પાસે, પરિમળ પુષ્પને જાણી;
પરંતુ જોશથી નાઠો, પીડા અંતર મહીં આણી.
ભમ્યો પુષ્પો ઘણાં ઉપર, પરંતુ ના ઠર્યો ક્યાંહી;
ગયો ઉડતો સરોવર જ્યાં, કમળ ખીલેલ છે જ્યાંહી.
સુકોમળ પાંખડી જેની, ગુલાબી રંગથી રંગી;
અહાહા! ઈશ્કનો દર્દી, અહા! થાવા ગયો સંગી.
જઈ ગુંજારવો કીધા, કુમુંદીને રીઝાવાને;
તથાપિ ના કુમુંદીની, ધસી સતપદને[3] મળવાને.
બિચારો સત્ય પ્રણયીએ, ગણ્યું અપમાન ના દીલે!
ખરેખર! પ્રેમના વિના, કહો ક્યાંથી હૃદય ખીલે!
જઇ ઉત્સાહમાં બેઠો, કરે ગુંજારવો પ્યારા;
પરન્તુ એ હઠીલી તો, કહે ક્યાંથી મુખે પ્યારા.
ગયો જ્યાં સુર્ય પશ્ચિમે, બીડાઇ પાંખડી ત્યાં તો;
ભ્રમર એ પ્રેમનો ભોગી, નથી નિજ અંતને જોતો.
રૂંધાયો શ્વાસથી જ્યારે, પડી ઉર ફાળ ગભરાયો;
પડયો એ પ્રેમના ફાંસે, નીકળવા કાંઇ ના ફાવ્યો.
અયે! પ્રેમી અયે! દીલબર, નિહાળ્યો આ જગે[4] તુજને
શીખવતો પ્યારની રીતી, ભલા! આ જગતમાં સૌને.

---

૧ બગીચામાં, ૨ ભ્રમરો, ૩ ભ્રમરો, ૪ દુનિયા.

પુષ્પના પ્રાસાદમાં.*

વિ. હરિગીત.

હા ! પુષ્પના પ્રાસાદમાં, ને સુગંધીત [1]સમીરમાં;
પુર્ણિમાના ચંદ્ર અસ્તે, ઘહેલા સિંધુ તીરમાં.
પ્રાસાદ મોહક છે રચ્યો, વૃંદો[2] જ્યાં કોયલ કીરના;[3]
જે શુષ્ક હૃદય કુસુમને, નવરાવે સંગીત નીરમાં.

× × × ×

નવરાવતાં રેલાવતાં, કુદરત ગીતોથી શ્રમિતને;[4]
વૈભવરૂપી વારિ[5] ધર્યું, પીવા શ્રમિત અતિતને.[6]
જ્યાં કોમળાંગી કંઠથી, ગાતી મદનના ગીતને;
હા ! સુવર્ણ હિંચોળે હીંચે, શાન્તિ ન મળતી ચિત્તને.

× × × +

એથી અહાહા ! અધિક લહેજત, દશે કોઇમાં છે ભરી;
જે છે અજબરૂપ મોહિની, સુર મુની રહે હા! દ્રગભરી.
શિવાજી પૃથુરાજે અહા ! સુખ સંપત્તિને પરહરી;
પ્રાણાન્તે પણ હા ! ચાહતા, સ્વતંત્રતા લેવા વરી.

× × × ×

જે માટ[7] શૂરા રજપુતો, મરતાજ કેશરીયા કરી;
ડરતા નહીં મરવા અહા ! અગ્નિમાં આત્માર્પણ કરી.
આ વિશ્વમાં હીરા રૂપે, સ્વતંત્રતા દશે ધરી;
કુદરત ઝવેરી તું બની, લે મસ્તી સુખમાં વિચરી.

---

* મહેલમાં. ૧ પવન, ૨ ટોળાં, ૩ પોપટનાં, ૪ થાકેલા, ૫ પાણી, ૬ મેમાન, ૭ માટે.

માશુકના મનોદ્દગાર.

કવ્વાલી.

અરે ! એ ! લાલ મ્હારાને, મધુર વચને બોલાવા દો; !
નહીં કો છેડશો મુજને, હ્રદયમાં નાથ રમવા દો. !
ધરૂં છું હાથ મ્હારો આ, અરે ! એને પકડવા દો; !
થયો છો જન્મનો સંગી, અહો ! મમ શીર ધરવા દો. !
બન્યો હા ! અંગનો સ્વામી, અહા ! આ જન્મનો વ્હાલો !
અરે ! એ હાર હૈયાનો, સુકોમળ કંઠ ધરવા દો !
અહા ! નાજુક બદન તેનું, ગ્રિવા[1] માંહી વિંટાવા દો !
શિરે એ કર હમેશાં હા ! પ્રિતમનો પ્રેમે ફરવા દો !
અરે ! સૌ દીલ આ મ્હારૂં, પિયુ ચર્ણે છુંદાવા દો !
અરે ! એ પ્રેમી પોપટને, મને ઉડતો પકડવા દો !
હ્રદય પિંજર મહીં પ્યારો, અરે મ્હારો પુરાવા દો !
અભાગી જીવને શિક્ષા, અરે ચંચુથી[2] થાવા દો !
ધરૂં પિયુ નામની માળા, પિયુનું ધ્યાન ધરવા દો !
ન આડે આવશો કોઈ, પ્રિતમની સંગ જાવા દો !
ઘણા દીને મળેલાને, અતિ હર્ષેથી મળવા દો !
અધર[3] આ મુજ ફરકતાને, મધુર કાંઇ સ્વાદ લેવા દો !
અરે ! એ ! કયાં ગયો વ્હાલો, અહા ! શું દેખીને પ્યારો !
રિસાયો તો મનાવા દો, પ્રેમ ચિતામાં દહવા દો !

---

૧ ગળામાં, ૨ ચાંચથી, ૩ હોઠ.

શું ત્હારૂં છે.

કવ્વાલી.

અરેરે ! માનવી મસ્તાન, વહીને મોહ સરિતામાં;
બની અજ્ઞાનને કાં વદે, આ મ્હારૂં છે શું ત્હારૂં છે ?
સુત પિત માતને દારા,[1] અન્ય સ્નેહી જનો ત્હારા;
અંતે સંગાથી શું ત્હારા, તપાસી જો શું ત્હારૂં છે ?
(છતાં) ગણે જો ધામ તું ત્હારૂં, જવું અંતે તજી પ્યારૂં;
થશે તેતો સદા ન્યારૂં, જણાવી દે શું ત્હારૂં છે ?
(છતાં) ગણે જો દ્રવ્ય તું ત્હારૂં, કરે કુકર્મ તે સારૂં !
સ્મશાને શું વિચરનારૂં, દર્શાવી દે ? શું ત્હારૂં છે ?
(છતાં) ગણે જો તન તું ત્હારૂં, અચળ છે શું ? એ રહેનારૂં ?
ફના થઇ રાખ એ થાશે ! જણાવી દે ? શું ત્હારૂં છે ?
× × × × ×
બચાવ્યું જે તમે આંહીં, ગુમાવ્યું છે તમે ત્યાંહીં;
કરેલું કર થકી સાથે, ખરેખર ! પુણ્ય ત્હારૂં છે !

☞ હેન્ડબીલસરક્યુલેટર, પ્રુફરીડર અને દરેક જાતની વેપારી માહિતી આપનાર. વધુ વિગત માટે આનાની ટીકીટ બીડી લખો યા મળો.

કેશવલાલ. કે. વ્યાસ.

ઠેકાણું:—સ્વામીનારાયણના મંદીર પાસે
ટીંબાપોળ—અમદાવાદ.

---

૧ સ્ત્રી.

જગ નાટક.

વિ૦ હરિગીત.

શ્રીપતિ મેનેજરે, જગરૂપી થીયેટર કર્યું;
સીનો કર્યા કુદરતતણા, ૠતુઓ તણા પડદે ભર્યું.
જાજમ બીછાવી અવનિની.* શશિ સૂર્યના દીપક કર્યા;
છત બાંધી લીધી નભતણી, તારાનાં મહીં ઝુમખાં ધર્યાં.
વાજું બનાવ્યું વખતનું, ને નશીબનાં નરઘાં કર્યાં;
વળી ચીફ[1] એકટર રૂપમાં, નરનારીને માંહે ધર્યાં.
અંકો કર્યા છે ત્રણ મહીં, બાલ્યા તરૂણ[2] જરા તણા;
પ્રવેશ કીધા છે મહીં, હા! લખ ચોરાશી જન્મના.
શુભ શાસ્ત્ર રેશલ શીખવે, પુરાણ આપે તાલને;
મનુ સ્મૃતી તો શીખવે, એકટીંગ ધરીને વ્હાલને.
પાઠો કર્યા છે વેદના ને, ધર્મની સોટી કરી;
નાયક અને વળી નાયિકાને, શીખવે સમજુત કરી.
યમરાય ને વળી ધર્મરાય, પ્રેક્ષકો[3] તેની મહીં;
તે પ્રેક્ષકોની તિવ્ર દૃષ્ટી, એકટરો તરફે રહી.

× × × × ×

માટે-ચોળી સફેદો સત્યનો, ને નીતિનું દર્પણ કરી;
તલ્લીન થા નિજ કાર્યમાં, ખામી તો આવે ના! જરી.
રંજન કરો મન પ્રેક્ષકોના, સજી કાળ ભાળ[4] તું ભક્તિના!
નટવર નીતિથી ચાલીને, ઇનામ લેજે મુક્તિના!

---

* જમીન ૧ મોટા, ૨ જુવાન, ૩ જોનારા, ૪ જો.

કહ્યું માનો પતિ મ્હારૂં.

કવ્વાલી.

અરે ! પ્યારા અરે ! પ્યારા, તમે મમ નયનના તારા;
કરે વિનતિ આ દીન દારા,[1] કહ્યું માનો પતિ મ્હારૂં.
બન્યા લંપટ તજી દારા વ્યભિચારે પિયુ મ્હારા,
પરસ્ત્રી માંહી મોહનારા, કહ્યું માનો પતિ મ્હારૂં.
તજી નીતિ તમે ચાલો, કુછંદે અન્યથી મ્હાલો;
અરિરૂપ[2] નિજ પ્રિયા ભાળો, કહ્યું માનો પતિ મ્હારૂં.
તજી નિજ ઘર તણા મેવા, વિષય વિષની કરો સેવા;
નિસાસા નારના લેવા, કહ્યું માનો પતિ મ્હારૂં.
તજી ઇજ્જત લઈ અપયશ, પરસ્ત્રીમાં બની રસબસ !
ગુમાવ્યું દ્રવ્યરૂપ રસકસ ! કહ્યું માનો પતિ મ્હારૂં.
લોકની લાજ નહીં ધારી, શરમપર ફેરવ્યું [3]વારી;
કલંકિત કાં બન્યા ભારી, કહ્યું માનો પતિ મ્હારૂં.
ધરી પરનારમાં યારી, કરો તનધન તણી ખ્વારી;
બનીને હા ! વ્યભિચારી, કહ્યું માનો પતિ મ્હારૂં.
સુત પિતુ માતને નારી, દીયો સૌને હા ! ધીક્કારી;
રટો પરનારીની યારી, કહ્યું માનો પતિ મ્હારૂં.
કરજ કરી ધન ઉડાવો છો, અને લંપટ કહાવો છો;
અમોને કાં રીબાવો છો, કહ્યું માનો પતિ મ્હારૂં.

---

૧ સ્વસ્ત્રી, ૨ દુશ્મનરૂપ, ૩ પાણી.

નહીં નહીં સ્વામી મ્હોબતએ, ન મહોબત પણ મુશીબત એ;
પિયુષ[1] નહીં પણ હળાહળ[2] એ, કહ્યું માનો પતિ મ્હારૂં.
અરે ! મમ ! હસ્ત ઝાલીને, દીધો દુઃખડાં કાં ભાળીને;
અરે અંતરને બાળીને, કહ્યું માનો પતિ મ્હારૂં.
તમોને પરણીને સ્વામી, કદાપી સુખ ના પામી;
હૃદયમાં વેદના જામી, કહ્યું માનો પતિ મ્હારૂં.
તમે શિરતાજ છો મ્હારા, ભરો કાં પાપના ભારા;
તજો ના દીન[3] આ દારા, કહ્યુ માનો પતિ મ્હારૂં,

સાખી.

જીવી જગે સાર્થક કરો, પરનારીમાં મન ના ધરો !
પરનારીમાં ચિત્ત જો ધરો, વિણુ મ્હોત હા ! જગમાં મરો.
મનુષ્ય દેહ મણી મળ્યો, જીવન કલંકિત કાં કરો ?
નર દેહ એળે ખોઈને, મમત્વમાં શીદને મરો !



શ્રી યોગેશ્વર કેમીકલ વર્કસ.

દરેક જાતની વનસ્પતિનો અનુભવ મેળવી શુદ્ધ પેટંટ દવાઓ બનાવનાર.

કાલુપુરરોડ—**અમદાવાદ.**

---

૧ અમૃત, ૨ ઝેર, ૩ ગરીબ.

હીણુ કમાઉ ધણી.

(સ્ત્રીનો બળાપો.)

કવ્વાલી.

મને મુરખો મળ્યો સ્વામી, પડી છે સુખમાં ખામી;
અરે હું આ પતિ પામી, કહુ શું વિપત્તિ બ્હેની.
કરે નહીં ચાકરી ધંધો, મુરખ થઇને ફરે અંધો;
કરે એ અવનવા ફંદો, કહુ શું વિપત્તિ બ્હેની.
પુરૂષો અન્ય જ્યાં રળતા, અરે મુજ સ્વામી આથડતા;
બળે છે ચિત્તમાં ભડકા, કહુ શું વિપત્તિ બ્હેની.
કમાવા રીત ના જાણી, કહી મુજ વાત ના માની;
ફેરવ્યું નામપર પાણી, કહુ શું વિપત્તિ બ્હેની.
પિતાના દામ સઉ ખાધા, કમાવાપર લીધી બાધા;
કરજનાં હા ! કીધા કાંધા, કહુ શું વિપત્તિ બ્હેની.
ગુમાવી ગ્રથ વિના કીમ્મત, ઉડાવી બાપની દોલત;
મળે ના અન્ન કે ઉદક, કહુ શું વિપત્તિ બ્હેની.
નથી હા ! ધ્યાન ઘરબારે, નથી કાંઇ ચિત્ત વ્હેવારે;
ભટકતો ભુત એ બ્હારે, કહુ શું વિપત્તી બ્હેની.
અન્ન ઉધાર એ લાવે, લેવા સૌ દામ તો આવે;
નહીં દે દામ તે વારે, કહુ શું વિપત્તિ બ્હેની.

કરી તકરાર વદે ભુંડુ, પડે પળવારમાં કુડું;
જુવે ના આંખથી રૂડું, કહું શું વિપત્તિ બ્હેની.
સ્વચ્છ કપડાં નથી અંગે, ડંફાશો મારે આનંદે;
ખાવું ને ફરવું ઉમંગે, કહું શું વિપત્તિ બ્હેની.
અરે! અંતર પીડા સ્હેતું, ઉધારે કો નહીં દેતું;
અરે જામીન સૌ લેતું, કહું શું વિપત્તિ બ્હેની,
રૂપાળી આબરૂ દેખી, અરે અક્કલ હીણો પેખી;
દુઃખે હું તન રહી શેકી, કહું શું વિપત્તિ બ્હેની.
સજજન તહેવારના ટાંણે, જમી આનંદ સૌ માણે;
મુખે એકાદશી જાણે, કહું શું વિપત્તી બ્હેની.
સ્નેહીઓ શોધતા આવે, પતિને તે નહીં ભાવે;
દીવસ દુઃખ માંહી વિલાવે, કહું શું વિપત્તિ બ્હેની.
આવેલાં જાણી સંતાયે, ખવાડું અન્ન હું કયાંથી;
અરે ! ભટકે અહીં તહીંથી, કહું શું વિપત્તિ બ્હેની.
પિતુ માતા ચહે મળવા, તો સ્વામી લાગે બડબડવા;
લાગે હા ! હિત વચન કડવાં, કહું શું વિપત્તિ બ્હેની.
અરેરે ! ભાવના પુછે, વદે ના ! સુખ દુઃખ શું છે;
થતો વચનો સુણી ગુસ્સે, કહું શું વિપત્તિ બ્હેની.
નહીં ખાવું નહીં ન્હાવું, નકામા રાગથી ગાવું;
મફતનું હોટલે ખાવું, કહું શું વિપત્તિ બ્હેની.
પિયરથી વસ્ત્રાદીક લાવું, કદી જમવા સજી જાઉં;
તરત મેણાં અરે ખાઉં, કહું શું વિપત્તિ બ્હેની.

બન્યાં મુંબઇનાં શેઠાણી, વદે નિષ્ઠુર હા વાણી;
કહું કયાં માહરી કહાણી, કહું શું વિપત્તિ બ્હેની.
રળું શું નીતિમાં રહીને, ખવાડું દુઃખ હું [1]સહીને;
કરૂં પુરૂ હું મન [2]દહીને, કહું શું વિપત્તિ બ્હેની.
ગુજારૂં જીંદગી કારી, બળાપો હું કરૂં ભારી;
દીયો કાંઈ દાદ નરનારી, કહું શું વિપત્તિ બ્હેની.

સાખી.

ચિંતા તણા તાપે અરે, યૌવન અનેરૂં જાય છે;
હાય પતિ પુરૂષાર્થ વિણ, મમ હૃદય આ ચિરાય છે.

બે–વફા માશુકનો પસ્તાવો.

(આશક માશુકનો પ્રતિઉત્તર.)

કવ્વાલી.

પુરૂષ–અરે ! ઓ ! બે–વફા જુલ્મી, બની નિષ્ઠુર[3] તું શાથી ?
નફ્ટ થઈ હા ! કપટ કીધું, હવે પસ્તાય છે શાથી ?
લક્ષ્મીની લાલચે લપટી, અવરની પ્રીતમાં પલટી;
બની તું બે–વફા ઉલટી, હવે પસ્તાય છે શાથી ?

× × × ×

---

૧ વેઠીને, ૨ બળાપો કરી, ૩ ઘાતકી.

સ્ત્રી—શું કીને હા ! અરે થાકી, બકવામાં રાખી નહીં બાકી !
હવે નિરાશ થઈ પાકી, હવે પસ્તાઉં છું સાથી ?
બકીને હા ! બની વ્હાલા, પીધા મેં વિષના પ્યાલા !
જીગરમાં હા ! ઉઠી [1]જવાળા, હવે પસ્તાઉં છું સાથી ?

× × × ×

પુરૂષ—શયનમાં તું નયનમાં તું, ભ્રમણમાં તું રમણમાં તું !
ભવનમાં તું પવનમાં તું, ગણી જીવન ! તણી શાથી ?
ગમનમાં તું ચમનમાં તું, ઝરણમાં તું હરણમાં તું !
હૃદયમાં ધારી હેતે તું, હવે પસ્તાય છે શાથી ?

× × × ×

સ્ત્રી—કહ્યું માન્યું નહીં ત્હારૂં, ગણ્યું મેં મન થકી ખારૂં ?
ધીરજ તેં રાખી નહીં વારૂં, હવે પસ્તાઉં છું સાથી !
ફરી ફરી–યાદ[2] પ્રિતે મેં, અરે જુસ્સો ચડાવ્યો તેં !
અરે મુજ મદ[3] ઉતાર્યો તેં, હવે પસ્તાઉં છું સાથી ?

× × × ×

પુરૂષ—કહ્યું કે માન અલબેલી, પરાઈ પ્રીતે થઇ ઘહેલી !
થઈ અક્કડ તું ફટકેલી, હવે પસ્તાય છે શાથી ?
થવાનું શુભ જ્યાં હોયે, ખરાબી જાય છે ત્યાંહે !
ભુંડું થાયે ભલા માટે, હવે પસ્તાય છે શાથી ?

× × × ×

૧ આગ, ૨ બીજી વખત, ૩ અભિમાન.

સ્ત્રી—હણો તો એક ફટકાથી, ન પીડો લાખ ચટકાથી!
ન મારો વેણુ ઝટકાથી, હવે પસ્તાઉં છું સાથી?
મનુષ્યો સર્વ કો ભૂલે!, ઉગ્યા તારા અરે ડૂલે!
ફુલો કરમાય ને ખીલે, હવે પસ્તાઉં છું સાથી?

*   *   *   *

પુરૂષ-પુષ્પની માળ સમ ધારી, [1]ગ્રિવામાં હેતથી પ્યારી!
બની નાગણુ તુતો કાળી, હવે પસ્તાય છે શાથી?
તજી ઇજ્જત લઈ અપયશ, બન્યો તુજ પ્રેમમાં રસબસ!
છતાં તું તો રહી નહીં વશ, હવે પસ્તાય છે શાથી?

×   ×   ×   ×

સ્ત્રી—લખ્યા લેખો લલાટોમાં, ભાવિ ભુસાય ના કોથી!
હવે મારો કે હા તારો, હવે પસ્તાઉં છું સાથી?
અરેરે! લ્હાવ ખુબ લીધા, ખરેખર! તુજ પ્રીતિમાં!
જીગરની હું બની છુરી, હવે પસ્તાઉં છું સાથી?

*   *   *   *

પુરૂષ-બન્યો ફરહાદ[2] સમ કાલો, પીતાં તુજ પ્રેમનો પ્યાલો!
તજી પ્રીતિ બની ભાલો, હવે પસ્તાય છે શાથી!
તજી પ્રીતિ ફસાવ્યો તેં, અને નિર્લજ બનાવ્યો તેં!
છતાં જાલીમ[3] ગણાવ્યો તેં, હવે પસ્તાય છે શાથી!

×   ×   ×   ×

---

૧ ગળામાં, ૨ જુના વખતમાં એક આશકનું નામ છે, ૩ જુલ્મી.

સ્ત્રી—અરે ચંચળ હૃદય મ્હારૂં, ફર્યું હા ! લક્ષ્મીને સારૂં !
હવે મુજ મનને વારૂં, હવે પસ્તાઉં છું સાથી !
ચઢીને ગર્વ શિખરપર, દીધા છોડી અયે ! દીલબર !
હવે અંતર બળે ચરચર, હવે પસ્તાઉં છું સાથી !

× × × ×

પુરૂષ-સુગંધી પુષ્પની વાડી, લ્હેરે હા ! જતાં ગાડી !
પછી બદલાઇ તું લાડી, હવે પસ્તાય છે શાથી !
કરી ફરી-યાદ પ્રિતે તેં, ફંદે જાલીમ ફસાવા તેં !
પ્રીતિમાં હા ! બનાવા તેં, હવે પસ્તાય છે શાથી !

× × × ×

સ્ત્રી—થઇ ભુલ તું સુધારી લે, ક્ષમાકર શાન્તિ ધારી લે !
હસીને હા ! બોલાવી લે, હવે પસ્તાઉં છું સાથી !
અરેરે ! ભુલ મેં કીધી, જીગરપર દાહ મેં દીધી !
થતાં ઉદ્ધત નહીં બીધી, હવે પસ્તાઉં છું સાથી !

* * * *

પુરૂષ-અરે તુજ પ્રીતિ દીપકપર, બન્યો કુંદુ કર્યું ફરફર !
જીગરને બાળ્યું તેં ચરચર, હવે પસ્તાય છે શાથી ?
સલુણી શાણી મેં જાણી, વદુ શું બે-વફા ! ક્હાણી !
પ્રીતિની રીત ના જાણી, હવે પસ્તાય છે શાથી ?

× × × ×

સ્ત્રી—બની હું બે-વફા વ્હાલા, શબ્દના ભોકતી ભાલા !
જપું હું આપની માળા, હવે પસ્તાઉં છું સાથી ?
ખરેખર ! બે-વફા ! હું થઈ, મહોબતમાં મુશીબત થઇ !
જીગર ખાલી કરૂં કયાં જઇ, હવે પસ્તાઉં છું સાથી !

*　　*　　*　　*

પુરૂષ—ચમકતાં મોતી જો તુટે, શુશોભિત [1]જામ પણ ફુટે !
જુદાઇએ ! મન અરે રૂઠે, ફરી સંધાય ના સાથી !
હવે આશા ન કર મ્હારી, વધુ તું જીવજે પ્યારી !
પ્રિતે આશિષ્ય છે મ્હારી, હવે દેજે તું વિસારી !

સાખી.

મશ્ગુલ રહે જો મસ્તીમાં, મુજને સદા વિસરી જજો;
હા ! તુજ પ્રીતિના પંથમાં, કંટક ગણી વિસરી જજો.
વિચરી જજો મન મસ્તીમાં, ગત પ્રેમ હા ! વિસરી જજો;
વિસરી જજો પ્રેમાળને, તમ પંથમાં વિચરી જજો.
ચંચળ[2] રતિ ધરી અન્ય પર, મુજ સમ હ્રદય દહશો નહીં;
પ્રેમાળ પુંદાંને અહા !, તમ નેત્રથી દહશો નહીં;
જીગર નિસાસા લઈ જગે, હા ! પાપ પુંજ ભરશો નહીં;
સુખીયાં થજો સત્ પંથમાં, દીલ દુઃખ કાંઇ ધરશો નહીં.

---

૧ કાચનો ગ્લાસ. ૨ અસ્થિર.

આમ્ર તનયા.*

હું કંચુકી પહેરીને લટકી રહી, કંઈ લોક મુજપર પ્રેમ ધરે;
દુરથી મુજને જોઇ વ્હાલ ધરી, લેવા મુજને પ્રયાસ[1] કરે.

કંઈ પક્ષીઓ મુજપર તરફડતા, કંઇ દુરથી હાસ્ય કરી ફરતા;
ચંપક વરણી સુંદર રમણી, ધરી વ્હાલ અતિ ચાળા કરતા.

ઉમંગી બની જોઇ આશકને, પણ બાલ્યા મુજ અંગ ખરે;
[2]અનીલ બંધુ જ્યાં આવી પડે, ઝુલું પ્રેમ હિંચોળે દીલ ઠરે.

કંઇ નેહ ધરી ઝુર્યા કરતા, રમણી હું રમાડું કૃતિમ[3] દીલથી;
કંઈ જાદુઇ નેનમાં નેહ ધરૂં, હસ્તું મુખ દેખે તેમ નથી.

કંઈ ચોકી કરે સંભાળ લીયે, રહે રાત દીવસ કંઇ તરફડતા;
કંઈ ચોરી કરે મને પ્રેમધરી, હક્કદાર[4] રહે કંઇ ટળવળતા.

સમયે અતિ વ્હાલ ઉમંગ ધરી, ભુમિપર ઉતરી સ્નેહ ધરી;
લીલો [5]વર્ણ તજી ચંપક બની, શોભા મુજ જોબન ખુબ બની.

કંઈ પ્રેમધરી અને સ્નેહ કરી, અરે હાસ્ય કરી ચુંબન કરતા;
મુજ અમૃત રસનું પાન કરી, ઉમંગી બની અને શીત[6] થતા.

---

* કેરી. ૧ મહેનત: ૨ પવન ૩ ખોટા ૪ માલધણી ૫ રંગ ૬ ઠંડા.

તમો પણ સુખમાં રહોને.

કવ્વાલી.

અરે ! હું એકલો આવ્યો, ન સાથે કોઇને લાવ્યો;
જવાનો એમ હું હ્યાંથી ? સુજે ના મુજને શાથી.
મળ્યું કુટુંબ આ કયાંથી, ન લાવ્યો સાથ કો ત્યાંથી;
કહે કાંઇ કાંઈ તે મુજને, અને વિટલાય[1] છે મુજથી.
અરે ! ઓ સ્નેહીઓ ! વ્હાલા, તમો કહો! કયાં થકી આવ્યા?
અને જો સત્ય સ્નેહી તો ! મને કાં સાથ ના ! લાવ્યા.
કરો છો લાડ ને પ્રીતિ, ધરી એ કયારની રીતિ;
રહો આખર તમે જુદા, તજો છો કેમ રે નીતિ.
નથી હું સ્વાર્થીને વ્હાતો, અરેરે ! કાં સતાવો છો;
તમે રાહે તમારી છો, તથાપિ કાં ફસાવો છો ?
નથી તમ પ્યારની આશા, નથી તમ સુખની આશા !
પરંતુ કાં મળો ટોળે, મળી છે અમને નિરાશા !
હવે તો ઇશ રટવા દો, કંઇ સાર્થક તો કરવા દો !
બની લાચાર હું વ્હાવું, હવે તો જ્ઞાને ભળવા દો !
નિરંજન નાથના શરણે, જવા દો ! ને જવા દો ! ને !
મને વ્હાલા દીયો છોડી, તમો પણ સુખમાં રહોને !

---

૧ વિંટાય.

ભારત ભૃંગો.

વિ. હરિગીત.

સૂરમય હિંદ સરોવરે, ભારત તનુ[1] ભૃંગો[2] અહા !
અપ્રતિમ પ્રેમ પ્રભા અહા ! દર્શાવતા ગુંજતા[3] અહા !
ફેશન કમળપર હા ! ખરે, મોહાન્ધ થઇને ધાય છે !
તુરંગને[4] હા ! સ્વર્ગ જાણી, ને જીગર લલચાય છે !

* * * *

હરખાય છે મલકાય છે, હા ! મોહ સુગંધે સખે !
માતૃ પ્રેમ પવન વદે, જો જો અયે ફરતા રખે !
નિજ તાનમાં ગુલતાન થઇ, હા શીખને જો ના! ધરો !
જો ના ધરો હીત શીખતો, સબળા છતાં દીન થઈ ઝુરો!

× × × × ×

દીન થઇ ઝુરો દુઃખમાં ઝુરો, લપટાયલા હા કમળમાં !
જાણ્યું નહીં કુસંપ રાત્રી, આવી પડશે [5]વિપળમાં !
બહુ બહુ ફસ્યા વિરમી ગયા, હાય અર્પી જીવનને!
હા? ધર્મરૂપ ચંપો ભલો, કે આ ભલુ વદને સુને !

* * * *

શ્રદ્ધા અને ભક્તિરૂપી, છે પાંખો સુંદર બંધને !
પરમાર્થમય ચેતન અહા ! જાણે ખબર નહીં અંધને !
હા ! હા ! હજુ શ્રદ્ધા ધરી, ઉત્સાહ ધારી લે સખે !
થાવા ચહો જો । મુક્ત આ ! દુઃખ બંધનેથી જો સખે !

* * * *

---

૧ પુત્રો, ૨ ભ્રમરા, ૩ ગુંજાર કરતા, ૪ કેદખાનું, ૫ હમણાં

શું હૃદયરૂપ કાષ્ટ[1]ને, કોરે અહા ! ડંખો દઇ !
શું નષ્ટ હા ! ડંખો થયા ? શું મનતણી મનમાં રહી !
તુજ વૃતીરૂપી ડંખમાં, લે ઐકયરૂપ મહા બળભરી !
બંધન હણી હા ! મુક્ત થઈ, ગુંજાર આનંદે હરી !

મનને શીખ.

ભેરવી.

હવે મન ભજી લે તું અવીનાશી;
બન નહીં ! મોહ વિલાસી.... ....હવે.
તન મન ધન નહીં સાચી સગાઇ નહીં;
મોહે રહયો શું રાચી... ....હવે.
વિષય વિષપર ધરી આ શક્તિ;
તજે ભક્તિ સુધા સુખ રાશી.... ....હવે.
દ્રશ્ય [2]પ્રંપચ સદા તું જાણી;
બન અદ્રષ્ય વિલાશી.... ....હવે.
પવિત્ર પ્રેમ ઝરણુ અંતરને;
માન નિર્મળ તું કાશી.... ....હવે.
ક્ષણુ ક્ષણુ કાળ સ્મીપ[3] તુજ આવે;
ચેત ચેત મતી આ શી.... ... .હવે.

---

૧. લાકડાં, ૨. દગો, ૩. પાસે.

કામ ક્રોધ મદ લોભ હરીને;
બનજે અભેદ [1]પ્રવાશી.... ... .હવે.
અનન્ય ઈશ ભક્તિ જળ સ્નાને;
જાશે ત્રિવિધી નાશી.... ....હવે.
સ્વાર્થમય સંસારની માયા;
નહીં સુખપ્રદ પણ ગાશી.... ....હવે.
વિલાઈ હું તું પણું હા ! વિભુમાં;
(રહે) આત્મ બળે તું પ્રકાશી.... ....હવે.
ઈશ સ્મરી[2] જા અગમ્ય સ્થાને;
ટાળ તું લખ ચોરાશી.... ....હવે.

વિશુદ્ધ પ્રેમ.

વિ૦ હરિગીત.

ઓ ! પ્રેમ વિશુદ્ધ પ્રેમ, સત્તા તાહરી સર્વોપરી;
દ્રશ્ય અદ્રશ્ય ત્રિભુવને, સત્તા તાહરી સબળ ખરી.
ઓ ! પ્રેમ જગના જીવનરૂપ, ચૈતન્યરૂપ સુખભરી;
છે વંદના ! છે પ્રાર્થના ! પ્રણમુ તુને હા દ્રગભરી.

* * * *

* * * *

---

૧. મુસાફર, ૨. ભજી.

તાહરા પ્રભાવે સુરપતિને, મૃત્યુ લોકે લાવતો;
તાહરા બળે યમરાજને પણ, પાણી ખુબ ભરાવતો.
નિરાશ અંતરમાં અહા ! તું સૌર્યરૂપ વિરાજતો;
અનન્ય તુજ ઉપાસીને, મસ્તી સુખે રેલાવતો.

* * * *
* * * *

પ્રણુયી હૃદયનો વાશી તું, અદ્રષ્ય મંગળ મુર્તી;
સાવિત્રીએ હા ! તુજ બળે, જીવાડયો યમ દુઃખથી પતિ.
ગજેન્દ્ર ધ્રુવ વ્રજ ગોપિકા, તુજ મંત્રે પામ્યા જગપતિ;
તુજ પ્રેમ જ્યોતિમાં જીવન, પતંગ ગ્રહીકર સદ્દગતિ.

આશકના અંતરોદ્દગાર.

ભેરવી ગઝલ.

દીલ દાહ લાગી સનમપે, બુઝાવનારા શું તમે?
ઇશ્કમાં લીની મજા, તોડાવનારા શું તમે ?
મેં દોસ્તી કીધી સનમની, છોડાવનારા શું તમે ?
આ જીગર તલપે વસ્લમાં, થોભાવનારા શું તમે?
મુજ દીલકી સબ્હી બિમારી, ટાળનારા શું તમે?
મુજ નયન વારી નીકળતાં, અટકાવનારા શું તમે?
ઇશ્કનો શરાબ પીધો, ઇશ્કનો મેં ભેખ લીધો ?
ઇશ્કનો મેં મંત્ર લીધો, વિલાવનારા શું તમે ?

રાજપુત સ્થિતિ દર્શન.

વિ૦ હરિગીત.

રજપુત અહા ! એ ક્યાં ગયા, જગને ધ્રુજાવી મુકતા;
રજપુત અહા ! એ ક્યાં ગયા, પાળી પ્રતિજ્ઞા રીઝતા.
રજપુત અહા ! એ ક્યાં ગયા, કીર્તિ જગતમાં મુકતા;
રજપુત અહા ! એ ક્યાં ગયા, આશ્રિતને સંતોષતા.

*   *   *   *

સંતોષતા જે શરણુ દઇ, ઉદારતાથી દીન પરે;
હા ! રજપુત રજ સમ બન્યા, હા ! હૃદય રજપુતના દહે.
ના દહે નફ્ફટાઇથી, વિરતા વિસારી વીર હા !
વિરતા વિસારી એમ ધારી, માની લે ના ધીર હા !

*   *   *   *

નિજ ધર્મને નિજ કર્મથી, શકિત હીણુ થાવા જગે !
રજપુત રૂધિર વિલાઇ ગયું, વહેતું હતું વેગે રગે ?
સત્કાર્ય આશ્રિત વીરતા, તણું સ્થાન હા ! તમમાં હતું;
વિલાઇ ગયું અદ્રષ્ય થયું, કાંઇ છે ગયું કાંઇ છે જતું.

*   *   *   *

વેગે રૂધિર વહેતું હતું, સહેતું હતું જે સંકટો;
અદ્ભુત મહીં અહા ! સહેતું હતું જે સંકટો.
નિજ વીર નામ ગજાવવા, સહેતું હતું જે સંકટો;
વિરત્વ સદ્ગુણી કહાવવા, સહેતું હતું જે સંકટો.

*   *   *   *

કર્તવ્ય હિણુ એ જીવન છે! તો જીવન ! હાય ! જલાવવું;
માટી મહીં માટી બની ! હા ! વીરનામ ગળાવવું.
ચાર દીનની જીંદગીમાં, મોહ તો સારો નહીં !
સત્કાર્યમાં જીવન દઈ, પ્રમાદને બાળો સહી !

*　*　*　*

નહીં રજપુતોનાં લક્ષણો, પેં પેં સમાન બની જવું;
કરી કીર્તિ અથવા વીરતા, કાં સ્વર્ગમાં આખર જવું.
જીવવું જગમાં અલ્પ પણ, કીર્તિથી ભરપુર હો !
લાંબા જીવન ! આ જગતમાં કે, કીર્તિ વિણુતો ધુળ હો!

*　*　*　*

ધુળ હો ધિક્કાર હો ! એ જીવન જગમાં ગાળવું;
ગૌરવ તજી પોતા તણુ, હા ! વદન નીચું ઘાલવું.
વદન નીચું ઘાલવું ને, મહેલ માળે મ્હાલવું;
સત્કાર્ય કિર્તી જો જીવિતકા, એ જીવન તો બાળવું.

*　*　*　*

ધિક્કાર છે એ જીંદગી, એ જીંદગી બદનામ છે!;
ધિક્કાર છે એ જીંદગી, જો કીર્તિ ના કામ છે !;
ધિક્કાર છે એ જીંદગી, જો હૃદયમાં ના રામ છે!
એ જીંદગીનો તો અહા ! સ્મસાનમાં વિશ્રામ છે !

પાશ્ચિત વેશીંગ કુંપનીના

(મેનેજરોને સંદેશો.)

કવ્વાલી.

અરે ! ઓ ! સ્નેહીઓ મ્હારા, તમારી નીર્મળી બુદ્ધિ;
અરે ! જલદી ચલાવી દો !, સફાઈથી કરો શુદ્ધિ.
દીલે જીગરના દર્દીનું, તમે શું દર્દ પહેછાણો;
વિતેલી વિપત્તા જેણે, તમે બેદર્દ શું જાણો.
અમારા પ્રેમની અગ્નિ, બુઝાવનારા કહો ! કયાં છે ?
ખરે ! પ્રેમી પ્રતિમામાં, પ્રેમનું સ્થાન તો ત્યાં છે !
કરી સોબત કે મહોબત, કરી શું ના ! કરી થાશો !
પટયો ઘા સ્નેહનો કારી, હવે શું જખ્મ તે જાશે !
ઠગાયો હું, ફસાયો હું, અરે તેથી બીજાને શું !
ઘવાયો કે લોભાયો હું, બળી ના ! પાડશો આંસુ !
રમ્યા સાથે જમ્યા સાથે, સુગંધી વાડીઓમાં જ્યાં !;
ફર્યાં સાથે મીઠા બોલે, હૃદય બળતાં તમારા ત્યાં.
તમે નિંદો અમોને પણ, અરે ! વાતો કરો મોટી;
તમારી તીવ્ર બુદ્ધિને, નકામા કાં કરો ખોટી-
અવરનાં સુખ જોઇ બળશો, હૃદયમાં ના ! કદી ઠરશો;
ભલે બળજો ભલે રડજો, સુખો દહી પાપને ભરશો.

તમારી હા ! લવારીને, સુણી શું કર્ણથી જ્યારે;
ગણી ધોબી તણા પુત્રો, ધોવા દો મેલ તમ [1]દ્વારે.
અરે ! નિંદા કરો શાના, નકામા શીર ફોડો છો;
અમારૂં પાપ ધોઇને, ગયેલું પુન્ય જોડો છો.
અમો ગણશું નહીં નિંદા, તમારી વાતથી રાજી;
અરેરે ! છેડશો ના ! ના ! વળે શું તમ થકી પાજી.
અમારાં વસ્ત્રોને ધોવા, ધોબીઓ મુલ્યથી લે છે;
અમારૂં પાપ ધોનારા, જીભે બે મુલ્ય ધુવે છે.
તમારૂં કાંઈ નહીં વળશે, અમે ખુબ મસ્ત થઇ ફરશું;
નથી તમ જાતની પરવા, જરૂર એક ઈશથી ડરશું.
અમારૂં અંગ ધોવાને, મજેના જોઇએ સાબુ;
ભલે હૃદયે તમે બળજો, અમે હિંમત થકી બાબુ.

પેટની પનોતી.

ગઝલ.

અરે ! ઓ ! પેટ તું પ્યારા, પીડા ત્હારી મ્હને વળગી;
કરૂં છું વેઠ ! હું ભારી, કરૂં હું શી રીતે અળગી.
અહો ! સૌ રંક ને રાજા, ભલે શ્રીમંત કે તાજા;
મુકાવે સર્વને માજા, સમય થાતાં કહે બાજા.

---

1. ઘેર.

સુભાગી તું હશે પ્યારા, પ્રભુએ મધ્યમાં રાખ્યું;
કરત કાપી તને અળગું, ખરૂં ફળ હોત તેં ચાખ્યું.

અજબ ત્હારી ગતી ભાળી, પુરાતી તુજ નહીં પાલી;
દીવસમાં બે વખત ભરતો, તથાપી ખાલીનું ખાલી.

અસ્તોદય થાય ત્યાં સુધી, ભટકવું ત્હારે માટે છે;
જગતમાં વ્હાલું તું સૌને, તુંથી પ્યારૂં નહીં કો છે.

નચાવે કંઇ કુદાવે કંઈ, રડાવે કંઇક તુજ માટે;
ફુટકતા કંઇ રખડતા કંઇ, લટકતા કંઇક ઉચ્ચાટે.

કુકર્મો કોટી જન કરતા, જરા નહીં દીલમાં લાજે;
ઉંચા નીચા કરે ધંધા, થઇને અંધ તુજ કાજે.

કહે મોટા જતી જોગી, થઈ યોગી ને વૈરાગી;
બન્યા કંઈ ધર્મના ઢોંગી, ખાયછે ધુર્ત્તથી માગી.

કહે પુરાણી હું મોટો, કહે જાદુ કપટ જાણું;
અરે ! લઇ હાથમાં સોટો, મુકો કહે હાથમાં નાણું.

ભલાજન કંઇક ભરમાવે, ભવિષ્ય કહી ભાન ભૂલાવે;
મહા મસ્ત માતેલા થઇને, ભલાજન કંઇક ભરમાવે.

કંઇ જન દેશને ત્યાગે, ફરે વાટે અને ઘાટે;
કરે કુકર્મ શીર સાટે, અરે ! ઓ ! પેટ તુજ માટે.

સહોદરને અરે ! ત્યાગી, ભરે હા ! પેટને માગી;
પીડા ત્હારી મ્હને લાગી, શી રીતે હું દઉં ત્યાગી.

કરૂં હું વેઠ તુજ માટે, ગજબ તું પેટ હા ! કરતું;
પશુ પક્ષીને હા ! જંતુ, અરે ! હા ! સર્વને નડતું.
પનોતી પેટ ત્હારી તો, મરણ સુધી નહીં જાયે;
જીવનને પાપમાં હોમે, ખરેખર ! શત્રુ કહેવાયે.
વિસારૂં હું ભલે તુજને, વિસારે તું નહીં મુજને;
સમય થાતાં રહે તત્પર, દ્રવે હા ! દીલ તું મુજને.
ભરૂં હું પેટની થેલી, મગન થઇ તું અતિ મ્હાલે;
વણીક રણછોડ એ કહે છે, ભર્યા વિણ હા ! નહીં ચાલે.

તુલસી.

ગઝલ.

અયે! તુલસી અરે! તુલસી, ગણ્યા ગુણ જાય ના ત્હારા;
સેવે જો સજ્જનો તુલસી, તજી દે ચાહ ચાહનારા.
તનુ[1] રક્ષણ તુંતો કરતી, [2]માતૃપય ગુણ તું ધરતી;
અજીરણ રોગને હરતી, ખરેખર ! દેવીમાં ઠરતી.
વદે જન તુલસીને માતા !, ખરેખર ! બાળ ન્હાનારી;
આકૃત દોષ તન હરતી, વિકારો પિત્ત હરનારી.
હિતેચ્છુ પ્રીય તું માતા, વાયુનો આણતી આરો;
જ્વર આળસ તજાવે તું, હણે તું વાત વિકારો.
વિવીધ [3]વિષો ઉતારે તું, હણે ત્રિદોષ તુજ ભાવે;
ઉકાળી પીતાં સાકરમાં, લહેજત ચાહની આવે.

---

૧. શરીર, ૨. ધાવણ, ૩. ઝેર,

અરે! ઓ! ચાહના ચાહનારા, તજી દે વિષની [1]વેલી;
સેવે જો તુલસીને પ્રીતે, જીવનની તે થશે બેલી.
બદન શક્તિને જો આપે, શરીરના રોગ સૌ કાપે;
નસેનસ ગુણ જઇ વ્યાપે, તનુને શુદ્ધ કરી સ્થાપે.
નીતિ ગુણને અર્પનારી, મલીન બુદ્ધિ તજાવે છે;
ગ્રિવામાં માળ થઇને તું, હરી સેવા બજાવે છે.
શ્રીરંગા[2] નિત્ય સેવનથી, બને બળવાન કાયામાં;
વદે હા! વેદને શ્રુતિ, ફસો નહીં ચાહની માયામાં.

શું વધ્યું ?

સવૈયા.

આજકાલ આ ચાલુ જમાને, વધ્યું અહા ! ફેશનનું માન;
રોગ વધ્યાને ડૉકટર વધીયા વધ્યાં અહા ! સોપારી પાન.
મિજલસ [3]ડેન્સ અને ક્રીકેટે[4], વધ્યું અહા ! મદીરાનું પાન;
સ્ટીક[5] અને [6]અંબ્રેલા વધીયાં; અભક્ષા ભક્ષ તણું વધ્યું ખાન.

× × × ×

ન્યુસ પેપર આર્ટીકલ વધીયાં, વધી હોટલો અપરંપાર;
સુઝ[7] વૉચને[8] હૅટ[9] વધી છે, વધી બોટલો ઘર મોજાર.
વધી ચાહ ચિમનીને ચશ્મા, વધી સાયકલ મોટરકાર;
વધ્યા વાળ કેરોશીન[10] તેલો, મફલર કૉલર વધ્યા અપાર,

× × × ×

---

૧. બીજ, ૨. તુલસી. ૩. નાચ. ૪. બૉલબેટની રમત, ૫, સોટી, ૬ છત્રી. ૭ બુટ, ૮. ઘડીઆળ, ૯ સાહેબની ટોપી, ૧૦ ઘાસલેટ.

વધ્યું સોડા લેમોનનું પીણું, વધી ઈર્ષા નિંદા ભલી ભાત;
વધ્યાં અહા! કૉફીને બીસ્કીટ, વધી દલાલા કેરી જાત.
વધ્યા વકીલ બૅરીસ્ટર આજે, અને સૉલીસીટર ભલી ભાત;
વધી અહા! ટેલરની[1] શોપો.[2] વધી ભીખારી સાધુ જમાત.

* * * *

દમામને અભિમાન વધ્યો હા! વધ્યા પુત્રીનું ધન લેનાર;
મહન ભક્ત લે ભાગુ સેવક, વધ્યા અહા! મંદીર મોઝાર.
વધ્યું માન બેહદ સુંદરીનું, વધ્યા માતને દુઃખ દેનાર;
વધ્યાં હેર ઓઇલને અત્તર, કાચ તણાં વાસણો અપાર.

× × × ×

વધ્યાં ખખડતાં હાલ્લાં ઘરમાં, વધ્યો ભપકો બાહેર ભારી;
વધ્યા દારૂકી વિસ્કીના શોખીન, ઠગ જુગારી વ્યભિચારી.
વધ્યાં બોર્ડ જાહેર ખબરોનાં, પરદા નામ તણાભારી;
સદ્દેદ સાહુકારો હા! વધીયા. સટ્ટાના હા! વેપારી.

× × × +

સીગારેટ ચીરૂટને બીડી, વધી અહા! હા! અપરંપાર;
રોઝબૅરી જિંજર પીકમી અપ, વધ્યા ડીઝીઝ[3] કેશીશ[4] અપાર.
વધી અનીતિ પશુઓ ઉપર, અને પક્ષી ઉપર નિરધાર;
વધી નોકરી કેરી ઇચ્છા, વધ્યો અહા! વેશ્યાપર પ્યાર.

\+ + + +

---

૧. દરજી, ૨ દુકાનો, ૩ રોગો, ૪ કેશ.

કોલર પીન નેકટાઇને ગેલીસ, પાટલુન સ્ટોકીંગ[૧] વધ્યાંઅપાર
સાબુ લવંડર અને તમાકુ, વધી જમાનાની મોઝાર.
હિંસા અધર્મ નાસ્તિકતાને, વધી અહા ! ફેશનની બ્હાર;
વધ્યા કલેશ કુસંપ અહાહા ! વધી આળસ નિંદ્રા આ ઠાર.

\+ \+ \+ \+

વધ્યાં પોલકાં અને સાડીઓ, બંગડીઓ હા ! કાચ તણી;
વધી પરનરની ચેષ્ટા[૨] કરવી, વધી તનુદર્શક[૩] સાડી ઘણી.
વધ્યો ફેશ ! પાવડરને દર્પણ, વધી સ્લીપરો[૪] ગૃહે ઘણી;
કામના પંથે વધી કામિની, અને ફેશન શૃંગાર ભણી.

\+ \+ \+ \+

વધી એરીંગો નેકલેશ ઘરઘર, વધી ફેશનની ચાહનારી;
વધી વનિતા ચાલુ જમાને, પતિને હા ભૂ[૫] પાનારી.
નિજ [૬]લીયરના સ્પીયર[૭] ફેંકી, ગાર્ડનમાં[૮] વિચરનારી;
વિધવિધ બની સૌ વિશ્વે, ફેશનમાં વિહરનારી.

\+ \+ \+ \+

વૈદ્ય વધ્યા ઉંટ વૈદ્ય વધ્યા હા! ખુરશી કબાટને વળી મેજ;
વધી [૯]મક્ષિકા ડીસ્પેનસરીમાં,[૧૦] થયા ભાવ પંખાના તેજ.
વળી વિજળી કેરી બત્તી, સૌ દીપક કરતી [૧૧]નિસ્તેજ;
કળી પ્રભાવે અનંગ[૧૨] વધીયો, ચહે સૌ પરનારીની સેજ.[૧૩]

૧, મોજાં ૨. નિંદા, ૩. શરીર દેખાય એવું, ૪ બુટ. ૫. પાણી. ૬ કટાક્ષ. ૭. ચાલો, ૮ બગીચો, ૯. માંખો, ૧૦. દવાખાનું, ૧૧ ઝાંખા. ૧૨ કામદેવ ૧૩ પથારી.

મધુરી માશુકનું મધુરૂં સ્વપ્નુ !?

ગઝલ.

ગગન ભેદી! જગત સીંચી, અહાહા! ચાંદની ચમકી;
અહા! પુષ્પો ખીલ્યાં શું આ, પ્રભા શી આ રહી પ્રગટી.
શીતળ મય વ્હાય છે વાયુ, તરૂવર કુંજમાં આનંદ;
સરોવર તીરથી નાઠો, કમળપર આગીઓ સુખકંદ.
સુંદરી કર ધર્યાં વસ્ત્રો, પ્રવેશી જળ તણી લ્હેરે;
દ્દષ્ટી યુવતી તણી કમળે, અરે! દૂર આગીઓ કેરે.
મૃદુ હાસ્યે એ ચમકીને, કામિની ચિત્તને હરતો;
રસીકા રમ્ય આ મ્યુરી, ચમકથી ભાન ભુલવતો.
પદ્મ[1]પુર પ્રવેશ કરવાને, પદ્મજા[2] જઇ રહી ઘેલી;
અતિ ધીમે પગે ચાલી, પકડવા સ્નેહની વેલી.
અહા! લટકુ કરી લ્હેરે, કમળ શા હસ્ત લંબાવે;
અનીલ[3] લહેરી અરે આવી, હલાવી આશ ઉડાવે.
અહા! નિજસ્થાન છોડીને, અરે હા! આગીઓ ઉડયો;
સુંદરી કર કમળ દળથી, હૃદય પર કર પરત પડીયો.
ચઢી આકાશમાં ઉંચે, લીધી દ્રષ્ટી અરે તાણી;
અહા! હા! કયાં ગયો જીવન, દુભાણી[4] સુંદરી શાણી.
પદ્મ વદના અરે સઉ કહો, પદ્મનું રહસ્ય ના જાણ્યું;
કમળ ના! ના! અરે યુવતી, વસંતી ચિત્ર આ તાણ્યું.

---

૧ કમળ, ૨ લક્ષ્મી, ૩ પવન, ૪ નારાજ થવું.

નિજ મન વ્યથા પ્રતિબિંબ, દ્વિગુણીત વેદના વ્યાપી;
શિથિલ અંગો થતાં વસ્ત્રો, સરકતા વાર ના લાગી.

અરે ચમકી ઉઠી ચપળા, પલકમાં આમ દીસે છે શું;
તજી શય્યા ભમુ આંહી, અરે! જળ આગીઓ આ શું.

અરે મમનાથ ! ના દિસે, અહો ! રસરાજ મ્હારા કયાં;
અહો ! આ સ્વપ્ન કે સાચું, વસો છો પ્રાણ જીવન કયાં.

હરિગીત.

લલિતાંગ હા ! રસવેલડી, પ્રેમી તરૂણી વ્હાલમાં;
ઉદ્યાનમાં[1] અહીં તહીં ભમે, નિજ નાથના વિચારમાં.

થયો ટૌકો આમ્ર વૃક્ષે, કોકીલા શુદ્ધ કંઠથી;
પ્રેમ દાહ ઉદભ્યો અરે, અંતર તણા આક્રંદથી.

"હુહુ" શબ્દ શ્રવણ કરી, ચમકી ઉઠી સ્તબ્ધ રહે;
પ્રેમી પતિ ચિંત્વન થતાં, હા ! કામિનીનું તન દહે.

વળી આ શું ? ઓ હો ! હો ! હો ! હો ! નવાઈ ! !

અમારી દુકાને સાઇકલો, કીટસન બત્તીઓ, "ભલે પધાર્યા"ની અંગ્રેજી તેમજ ગુજરાતીમાં કારએઇટની કમાન ભાડે મળે છે. તેમજ પ્રાઇમસના ચુલા વીગેરે દુરસ્ત કરનાર તથા વેચનાર.

તા. ક. કોઇપણ મ્યુનિસિપાલીટીને કોઇપણ ગામમાં સડકનો, સ્ટેશનનો, મીલોનો યા કોઇ પણ ઠેકાણે કીટસન બત્તીનો કંટ્રાકટ આપતી વખતે અમારા નીચેના સરનામે એક પૈસાનો પોષ્ટ કયાર્ડ લખવા ભલામણ કરીએ છીએ. અમો ઘણાજ કીફાયતે કંટ્રાકટ રાખી કામ સંતોષકારક રીતે પુરૂં કરીએ છીએ.

લાઇટવાળા ગુલામહુસેન મોહમ્મદભાઇ ડાંઢીયા,
પાંચપટીના નાકા પાસે, દુા. નં. ૧૩૬૩—૬૪—અમદાવાદ.

---

૧ બગીચામાં.

પ્યારમાં પશ્ચાતાપ.

ગઝલ.

અરે ! ઓ ! ઇશ્ક કરનારા, પુરા પસ્તાઇને રડશો;
પરસ્ત્રી પ્યારના ફંદે, પડી બે મ્હોત આથડશો.

ઘણા જણ ઇશ્કમાં ઘહેલા, બની ઘરબાર મેલીને;
જગાવી જોગ જંગલમાં, ભભુતી અંગે ચોળીને.

સુગંધીના ખજાનામાં, વફાઇ ના જરા જોઇ;
બિરાદર ! બોલ બે મ્હોતે, મરે શીદ આમ હીઝરાઈ.

નઠારી નારના સંગે, ભરોસો કોઇ ના ધરશો;
પલકમાં પલટી એ જાશે, જરૂર બે મ્હોત તો મરશો.

અરે ! આ ! હીરો કે કંકર, જવેરી તું બન્યો ખોટો;
તપાસી મોહયો તું પથ્થર, કસોટીમાં રહયો ટોટો.

કહો ! આ સ્નેહમાં મોહી, કહો ! હા ! કોણ છે ફાવ્યું;
ઝના ત્યાં હા ! ફના એતો, તપાસી એ વચન ગાયું.

દીવાના લોક બેરંગી, વફાદારી મળે કયાંથી;
અરે તું તન દહે શાને, મળે શું ? સુખ એમાંથી.

ગમે ના બોલ માશુકને, ગણુ બેશી જશે ત્હારૂં;
પરતફર ! અય ભલા ! ગાફીલ, વચન માની જરા મ્હારૂં.

થઇ ભુલ તું સુધારી લે, ચંચળદીલ ત્હારૂં સુધારે;
સબર કર યાર મસ્તાના, નહો ના ઇશ્ક બાઝારે.

લખું છું કાતીલ કલમોથી, બની જ્યાં રક્તની શાહી;
કલેજુ કાગળોનું આ, લખ્યું ભુસાય ના ! કયાંહી.

કીતાબો પ્યારની જોવા, જરા અમને નથી ગમતી;
અનીતિમાં અહા વહેતાં, હૃદયમાં વેદના સમતી.
ઠગાઇ વિપતી એવી, પડી છે શીર પર ભારી;
કઠણ છે ઇશ્કના રસ્તા, રમત રમશો નહીં જારી.
દુરાશા જગતની છાંડી, સુનીતિ માર્ગ તું ધાજે;
કરેલાં કૃત્ય તું ભુલી, હવે પ્યારા સુખી થાજે.
વિફળતા જે મલી તુજને, સમર નહીં, શાન્તીને ચાહજે;
બિસારી પાપ દુઃખોને, ગુણો ગોવિંદના ગાજે.

પ્યારમાં શું બન્યું ?

વ્હાલા છબીલા વેણુથી, મોહ્યો અતિષ્યે માનવી;
હૈયા તણો તું હાર મ્હારો, પ્રીતી જણાવી નવનવી.
ચક્ષુ ચમકના બાણુથી, હસ્તુ વદન નિરખી અરે;
ચંચળ બતાવે ચાલ ચતુરા, પ્રેમ વાદ્યો અંતરે.
કથતી ખરે તું પ્રાણ મ્હારો, જીગરનો જીવજાન છે;
જુઠું વદનથી બોલતી, અન્ય ભાઈ બાપ સમાન છે.
વિશ્વાસ ધારી અંતરે, ચતુરા ચહી મેં ચિત્તથી;
મીઠી મધુરી વાણીમાં, ભોળો ઠગાયો પ્રીતથી.
ખાધા પીધાં સુખ ચેનમાં, જ્યાં પ્રેમ વાદ્યો નેણમાં;
હીમત જણાવી હેતમાં, ગણી પ્રેમ પ્રતિમા વેણુમાં.
દોડી અતિષ્યે ગાડીઓ, મોજો બહુ માણી હતી;
પળમાં હસે પળમાં રડે, મનમાં અતિ રાજી થતી.

નખરા કરી અતિ વ્હાલથી, પૈસા ચહે એ પ્યારમાં;
દીધા અતિ જ્યાં વ્હાલમાં, વધ્યો પ્રેમ ઈશ્ક વહેવારમાં.
વ્હાલી ચીજો અર્પી અને, હાજર કરી જ્યાં પ્રેમથી;
ઇશ્કમાં માન્યું અરે, જાણે જુદાઈ થાવી નથી.
સાડી બનાવી પોલકાં, ઓ નાથ ! વ્હેલા આવજો;
દેખાશું સુંદર રૂપમાં, આ દાસીને શોભાવજો.
પ્રેમમાં ગુલતાન પંખી, જાતિ ભેદ રહીત રહયો;
ઇશ્કની લાગી કટારી, કૃતિમ પ્રેમ નહીં વહયો.
કીધી ન પરવા જગતની, નીતિ આબરૂ ત્યાગી અરે;
ચંચળ ચતુરા હેતમાં, ડાહયો ઠગાયો હા ખરે.
જાણી નહીં જાલીમ તણી, ચાતુર્યતા કપટે ભરી;
વિષય નહીં પણ વિષ છે, જોયું મેં જગમાં ફરીફરી.

અનુભવી વીચાર.

કહે પ્યારમાં આવી અરે, હાસ્યે કહે ઓ ! કુતરા;
ઇશ્કનો અંધો ન જાણે, માન અપમાનો જરા.
એકને મોહી અરે, બીજાને જુવે નેણથી;
ત્રીજાનું એ ચિંતવન કરે, સમજાવે ચોથો વેણથી.
ગૃહ નારી નિસાસા અતિ, જુવે નહીં હેવાન તું;
અંતરમાં અગ્નિ સળગતી, પર નારમાં ગુલતાન તું.
હેતી અતિષે શીખ સારી, સ્વપ્રીયા અતિ વ્હાલથી;
માને નહીં મુરખ મતી, ઘહેલો બન્યો પરનારથી.

મારે અતિશયે માર, નિજ નારીને જુવે ક્રોધથી;
પરનારમાં લંપટ બની, કેદી બન્યો કડી બંધથી.
મોહાંન્ધ માયા મોહમાં, ફસીને ખત્તા ખાધા હતા;
ફરેબમાં ફસીને અહા ! ગુમાવે માલ અને મતા.
પરનારીથી દશ સ્કંધની, સ્થીતિ વિચારી કંઇ જુવો;
જાણીને વિષ વેલડી, ફસાઇને ફરી કાં રૂવો.
ભ્રાતા પતિ માતા પિતા, કરી પ્રેમ છુપો તુજથી;
છે જન્મ દાતા જીવન રક્ષક, એની તો એ થઇ નથી.
પ્રભુ તુલ્ય પતિને વેચીને, કેવી ઠગારી મ્હાલતી;
દામે બની એ દાસ ત્હારી, બોલ ચતુરાઃ પાળતી.
અંધારી રાતે આથડે, મુકી ભય અને ઇજ્જત તજી;
પ્રભુ નામ રૂડું વિસારીને, પરનારની માળા ભજી.
તદપી તમારી થઈ નહીં, શાને મુરખ મથીને મરે;
જર, જુર, તારૂં ખૂટતા, ધીક્કારશે તુજને ખરે.
કહેશે ભીખારી બાયલા, આવીશ નહીં મુજ તું ઘરે;
માતા ભગીની તાહરીને, ગાળ સો સો દે ખરે.
પછી પસ્તાઇ માનવી, નિરાશ થઇ પાછો ફરે;
ઝુરી ઝુરી પ્રેમે કરી, મૃત્યુના મુખમાં જઇ પડે.
ભોજન તજ્યું, નિંદ્રા તજી, નીજ ધર્મ ને નીતિ તજે;
હાય ! પાંચા પલટી હવે, પડી પાય પર નારી ભજે.
પ્રેમનાં કીધાં રહસ્યો, લાગે અતિષે અંતરે;
પર નારી સામું ના જુવે, તલપે હૃદયમાં તું ખરે.

શું કે તને કહે મુરખા, તુજ પાસ તો ખાવા નથી;
ત્હારૂં વદન જોવું નહીં, જા ઘેર સીધો માનથી.
આવીશ હવે મુજ મંદીરે, પતિને સમજાવી ઉલટું;
ખોટી નજર મુજને જુવે, ના જોઈએ મુજ ઘેર તું.
જો પ્રીતિની રીતિ અરે, માન મુરખ સત્ કહું;
કોઈની સદાની થઇ નથી, મતલબની યારીનો સહુ.
ગયા સમયના પ્રેમનું, ધર ધ્યાન તું મુરખ જરી;
છોડી અનીતિ કર્મ ને, સુખે ભજી લે શ્રી હરી.

હરિગીત છંદ.

હે જારી જન ધરી જન્મ જગમાં, કામ કુઠાં કાં કરે;
નિજ નારીનો તજી નેહ કાં, પરનારથી પ્રીતિ ધરે.
છે હાડ ચર્મજ માંસને, રૂધીર તણી પુતળી ખરે;
બની મસ્ત કાં તું પતંગ પેરે, અગ્નિમાં પડીને મરે.
ના ધાર વ્યભિચારના, કરનાર નર છુપું રહે;
ચઢી છાપરે છકે દીને, છીનાળુ બુમ પાડી કહે.
પર ઘર જતાં નરખર તને, નહિ માન મળશે સત કહું;
ગણી શ્વાન સમ હડધુત કરશે, આવતો દેખી સહુ.
એ નારી નહિ સામું જુએ, જોબન અને જર ખુટતાં;
ક્ષણુ વારના સુખ માટ મળશે, નર્ક દોરી તુટતાં.
સમજી મને સુખ રાખમાં, ના રોળ મનુષ્ય દે મણી;
શ્રવણુ શ્રવણુ દઉં શીખ સારી, હિતકારી છે ઘણી.

જો ઇંદ્ર સમ દુઃખીયા થયા, ગૌતમ પ્રીયાના કારણે;
કરીને હરણુ જો જાનકીનું, જાન ખોયો રાવણે.
નિજ રાજ પત્નિ પુત્રીને, ખોઇ કરણુ રખડયો વને;
કાઢયો નથી કંઇ સાર કરીને, જાર વ્યભિચારી જને.
ધનવાનને ભીખારી કીધા, ભીખ ઘર ઘર માંગતા;
લાખો જણાના જાન લીધા, નામને શક આણતા.
એવી નઠારી નાર પર, ચિત્ત ચેતી પ્યાર ન લાવતા;
નહીં તો થશો ખુબ ખ્વાર, નર પરનારથી રતિ માણતા.
એવી રીતે લાખો જણા, દુઃખિયા થયા ને થાય છે;
પર નારની પ્રીતી ધરે, તે જન્મને ધીક્કાર છે.
એવી પરાઇ નારી પર, ચિત્ત ચેતી પ્યાર ન લાવજો;
રસીકની શાણી શીખામણ, ગૃહ નારીને સુખ આપજો.
નિજ નારીને સંતોષીને, સંસાર સ્વર્ગ બનાવજે;
ઇજ્જત અને યશ મેળવી, હૃદયમાં પ્રભુ પધરાવજે.

સાખી.

મોઘેરા તમ નીતિ દેહના, દર્શન કરવા પ્રભુ ચ્હાય છે;
દયા નીતિ શાન્તી ધારી તોય, પ્રભુ પ્રેમ પુર છલકાય છે.
(રસીક.)

સમાપ્ત.

ભયંકર આફતથી બચો ?

સુવાવડ રોગનો અકસીર ઇલાજ.

સુવાવડ સમયમાં વાપરવા માટે ઉત્તમ વનસ્પતિથી તૈયાર કરેલાં કવાથના પડીકાં જેનાથી સુવારોગ સંબંધી તમામ જાતના ગર્ભાશયનાં દરદોને નાબુદ કરી સુવાવડ સંબંધી દરેક વિકારને દુર કરે છે, સુવારોગ લાગુ પડતો નથી. શરીરની કાન્તી સુધારે છે.

કીમત. રૂ. ૧) નાં પડીકાં આઠ, પોસ્ટેજ જુદું.

☞ આ સિવાય સ્ત્રી પુરૂષો તેમજ બાળકોનાં તમામ દરદોની અકસીર દવાઓ અમારા ત્યાંથી મલશે. તેમજ રોગની હકીકત સવિસ્તાર લખી મોકલવાથી મોકલવામાં આવશે.

વૈદ્ય લલ્લુભાઇ રૂપચંદ ખંભાતવાળા.

ચાલ્લા ઓળના નાકે,

અમદાવાદ.

વગર ઈજાએ વાળ કાઢવા માટે

બાદશાહી સાબુ.

બાદશાહી સાબુ:—સફાઇથી વાળ દુર કરે છે;
બાદશાહી સાબુ:—શરીરના કોઇ પણ ભાગના વાળ કાઢે છે;
બાદશાહી સાબુ:—હિંદુસ્તાનમાં સાત હજાર દુકાનોપર વેચાય છે.
બાદશાહી સાબુ:—ચામડીને કંઇ પણ નુકશાન થતું નથી.
બાદશાહી સાબુ:—રજીષ્ટર નંબર પર૯ તપાસી ખરીદ કરજો.
બાદશાહી સાબુ:—ત્રણ સાબુના બાકસની કીમત રૂ. ૧)

પોષ્ટેજ જુદું.

દરેક ગામમાં વેચવા માટે એજંટો જોઇએ છીએ,

છોટાલાલ છગનલાલ મહાજન એન્ડ કુંપની.

શેખમેમણ સ્ટ્રીટ. મુંબાઈ.

બહેચરાજીમાં મોટી દુકાન.

અમારા ત્યાં દરેક જાતનાં પુસ્તકો, માતાજીના ગરબા, તેમજ સ્કુલમાં ચાલતી દરેક જાતની બુકો, તમામ જાતનાં હેર ઓઇલ, ખુશબોદાર તેલ, અત્તર, સુરમા. ગુંદીયું કંકું, ગુલાબજળ, તેમજ ઓસરનું બાલામૃત, પટણી રેશમ, જામનગરની સુડીઓ, લોખંડનાં તાળાં વીગેરે કીફાયત ભાવે મલશે.

શા. ભુધરલાલ ગાંગજી બુકસેલર્સ.

બજાર. મુ. **બહેચરાજી.**

વૈદક નિયમ મુજબ બનાવેલાં

ગર્ભાશયના
તમામ વિકારો
ને દુર કરી
શરીરની કાંતી
વધારે છે.



સુવારોગ લાગુ
પડતો નથી
રતવાનું મહાન
ભયંકર દરદ
આ પડીકાના
સેવનથી થવા
પામતું નથી.

શ્રી યોગેશ્વર કેમીકલ વર્કસ.

પેટંટ દવાઓ બનાવનાર,

કાળુપુર ભોઇવાડા પોળ સામે. **અમદાવાદ.**

માથાના દરદો માટે તમો શું ચાહો છો ?

છીંકણી.

દરેક જાતની પાલણપુરમાં અમારા કારખાનામાં બનેલી છીંકણી કાળી, ભુરી, લાલ, તેમજ ખુશબોદાર છીંકણી તેમજ ખુશબો વગેરની મન પસંદ છીંકણી અમારા ત્યાંથી મળશે, જથાબંધ તથા છુટક ઓરડર ઉપર પુરતુ ધ્યાન આપી માલ વી. પી. થી મોકલવામાં આવશે.

ખત્રી વીઠ્ઠલદાસ પ્રાગજી તપખીરવાળા.

નાની બજાર, **પાલણપુર.**

તૈયાર છે. જ્યોતિષનો અમૂલ્ય ગ્રંથ. તૈયાર છે.

જ્યોતિષના શોખીનો તમારે તમારા હાથેજ તમારૂં
પોતાનું વર્ષફળ બનાવવું હોય તથા તેનું ફળાદેશ
જોવું હોય તો જલદીથી મંગાવો,

ताजिकसारसंग्र्.

શુદ્ધ ગુજરાતી ટીકા અને સ્પષ્ટ ઉદાહરણ સહિત.

આ ગ્રંથમાં ત્રણ અધ્યાય પાડવામાં આવ્યા છે,

પહેલા ગણિતાધ્યાયમાં વર્ષફળ બનાવવાનું ગણિત સ્પષ્ટ ઉદાહરણ સાથે, બીજા ભાવાધ્યાયમાં ચળિ ગયેલા સૂર્યાદિ ગ્રહોનું ફળ તથા ત્રીજા ફળાધ્યાયમાં વર્ષફળનું સર્વોત્કૃષ્ટ ફળાદેશ આપવામાં આવ્યું છે આ ગ્રંથનો સંગ્રહ કરવાથી પોતાના હાથેજ પોતાનું વર્ષફળ બનાવી શકાય છે તથા તેનું ફળાદેશ જોઇ શકાય છે. આ ગ્રંથનાં પ્રસિદ્ધ વિદ્વાનોનાં ઉત્તમ સર્ટીફીકેટો મળ્યાં છે. **કીંમત ૧ રૂપીઓ. ટપાલ ખર્ચ ૨ આના**

ગ્રંથકર્ત્તા—**જોશી વૃંદાવન માણેકલાલ.**

કાળુપૂર નવાદરવાજા—**અમદાવાદ.**

દુખી સ્ત્રીઓને દિલાસો.

સ્ત્રીઓ માટે
પહેરવાની ગોળી

વિજય કાન્તા

પીલ્સ



હિસ્ટીરીઆ, સુવારોગ, પેઢુનો સખત દુખાવો, ગર્ભસ્થાનના તમામ વિકારો દુર કરી રૂતુને નિયમીત કરી ચહેરાને સુંદર બનાવે છે ગોળી ૪૦નો રૂ. ૧)

શ્રી યોગીશ્વર કેમીકલ વર્કસ
અમદાવાદ નં. ૫૫૫

દરાજનો દુશ્મન.



કાળી-લાલ દાદર, ખસ, ખરજવાં, ગજકર્ણ વિગેરે દરદોને ફક્ત બે દીવસમાં જડા મુળથી દુર કરે છે.

કીમત બે આના.

શ્રી યોગેશ્વર કેમીકલ વર્કસ.
પોસ્ટ નંબર ૨૫ અમદાવાદ.

સોનું અને સુગંધ સાથેજ ?

યાદ રાખો કે !

પાકી ગેરંટી સાથે.

તલના તેલથી બનાવેલું ખાસ



આમળાનું તેલ.

વાપરો.

બાલને વધારી માથામાં ઠંડક આપે છે માથાના દરદોને મટાડી બાલ સુંવાળા ચળકતા બનાવે છે. આ તેલ ખાસ વનસ્પતિ પ્રયોગથી દેશી મસાલાથી બનાવવામાં આવ્યું છે. શરત માત્ર એટલીજ કે આ તેલમાં તલના તેલ સિવાય હલકો પ્રકારના તેલથી બનેલું છે. એવું સાબિત કરી આપનારને રૂ. ૧૦૧)નું ઇનામ આપવામાં આવશે. અમારો ફોટો જોઇ ખરીદ કરજો. કીમત પાસેરની બાટલીના છ આના.

ગ્રોસર એન્ડ કંપની પરફ્યુમર્સ.

પોસ્ટ નંબર ૨૫. અમદાવાદ.

તમારાં વ્હાલાં બાળકો માટે અમુલ્ય રત્ન.

બાળકો ખુશીથી પીએ છે.

તાકાતવાન બનાવે છે.

ખાસ વનસ્પતિ પ્રયોગથી સંશોધન કરી બનાવેલું



બાલામૃત.

આ બાલામૃતથી બાળકોની કમતાકાત, કંટાઇ જવું, વરાધ, સસણી રતવા, દાંત આવતાં થતી પીડા વિગેરે દરદો નાબુદ કરી બેચેનીને દુર કરે છે. લોહીને વધારી રૂષ્ટ પુષ્ટ બનાવે છે. કીમત બાર આના.



ચોસર એન્ડ કુંપની પરફ્યુમર્સ.

પોષ્ટ નંબર ૨૫. અમદાવાદ [સીટી].

કેફી ચીજ વગરની

બાળાગોળી.



તાવ, ઝાડા, ઉલટી, ઉધરસ, વરાધ, સસણી, ખાંસી કબજીયાત, દાંત આવતાં થતી પીડા, કંટાઇ જવું, વીગેરે દરદો મટાડી નવી તાકાત આપે છે. કીમત ગોળી ૧૦૦ની ડબીના રૂ. ૦-૫-૦.

શ્રી યોગેશ્વર કેમીકલ વર્કસ.

મોઇવાડા પોલ સામે, અમદાવાદ.

બાદશાહી હેરડાઈ.

આ ખીજાબ એક વખત લગાડવાથી મહીનાના મહીના સુધી સફેદ વાળ કાળા કુદરતી રંગના નજરે પડે છે. આ ખીજાબથી ચામડીને કંઇપણ નુકશાન થતું નથી તેમજ વાળ લાલ, ભુરા, પીળા રંગના નહી થતાં કુદરતી કાળા રંગ જેવાજ થાય છે.

કીમત બાટલી એકના રૂ. ૦-૧૨-૦ પોસ્ટેજ જુદું.

છોટાલાલ છગનલાલ મહાજનની કુંપની.

દવાવાળા, શેખમેમણ સ્ટ્રીટ, મુંબાઇ.

ઈનામ ! ઈનામ !! ઈનામ !!!

તમારાં ભાગ્યશાળી નસીબને અજમાવો ?

અમારા માનવન્તા ગ્રાહકો માટે નીચે લખેલી શરતોથી ઇનામ કહાડવામાં આવ્યું છે:—

૧. આ પુસ્તકની પાંચહજાર કોપી વેચાઈ ગયેથી પાછળ જણાવેલાં ઇનામો કેટલાક સદ્ગૃહસ્થોની રૂબરૂમાં પેટીમાંથી એક નાના બાળકના હાથથી અનુક્રમ નંબરે વીસ ટીકીટો કાઢવાથી જે ઇનામ નિકળશે, તે ટીકીટોના નંબર અમદાવાદ "ગુજરાતી પંચ" માં જાહેર કરવામાં આવશે.

૨. જે ગૃહસ્થોનો નંબર ટીકીટમાં નીકળશે તેઓએ તે ચીજ મંગાવી લેવા માટે પોસ્ટ ખર્ચ તેમજ આ ટીકીટ રજીસ્ટરથી મોકલવી.

૩ આ સાથેની ઇનામવાળી ટીકીટ પોતે પોતાની સંભાળી રાખવી, ઇનામી ટીકીટ ખોવાશે તો ઇનામ મળશે નહીં.

૪. આ ટીકીટોના નંબર જાહેર પેપરમાં આર્ટીકલ આપ્યા પછી ટીકીટોના ઇનામનો હક ફક્ત ચાળીસ દિવસ સુધી રહેશે અને તે દરમિયાન ખબર નહીં મળે તો સદરહુ ઇનામ સદ્ગૃહસ્થો ઉપર ધરમાદાના કોઇ પણ ફંડમાં વાપરી દેવામાં આવશે.

૫. પાછળ જણાવેલા વીસ ઇનામોની રકમ તેમજ ચીજો તાકીદે મંગાવી લેવી.

પ્રકાશક.

ઇનામની વિગત:—

૧ રૂપીઆ પચીસ રોકડા.
૨ રૂપીઆ બાર રોકડા.
૩ રૂપીઆ દશ રોકડા.
૪ રૂપીઆ સાત રોકડા.
૫ રૂપીઆ પાંચ રોકડા.
૬ રૂપીઆ ચાર રોકડા.
૭ રૂપીઆ બે રોકડા.
૮ રૂપીઓ એક રોકડો.
૯ ઘડીઆળ મોટું નંગ ૧
૧૦ સીસ્ટમ રોસ્કોપ ખીસાનું વૉચ નંગ ૧.
૧૧ ઘડીઆળનો ડબ્બો આલારામ સાથે નંગ ૧.
૧૨ ઘડીઆળનો ડબ્બો સાદો નંગ ૧.
૧૩ ખમીસ છીંટનું પોલીસ નંગ ૧.
૧૪ રેશમી ઇમીટેશન રૂમાલ નંગ ૧.
૧૫ પંદરલાખનું પાણી પુસ્તક નંગ ૧.
૧૬ સૂર્યકાન્ત હેરઑઇલ બાટલી નંગ ૧.
૧૭ ઇન્ડીપેન નંગ ૧.
૧૮ સુતરાઉ ઇમીટેશન રૂમાલ નંગ ૨.
૧૯ ૧૯૩૭ ફેનશી કેલેન્ડર નંગ ૧.
૨૦ ફેનશી ખીસાનું પોકીટ નંગ ૧.

ખબરદાર ! ખબરદાર ! ફક્કડખબર !

ઓય બાપ રે ! બાપ, વળી એ શું ?

! અરે ! જોયેલી આ ? એ તો નવી ઢબેથી અદ્દલ બનાવ્યું છાપ્યું છે !

અંગ્રેજી, ઉર્દુ, ગુજરાતી, અને બાળબોધ ટાઈપોમાં સર્વ પ્રકારનું છાપવાનું કામ જેવું કે ચેક, કવર, લેબલ, રસીદ બુક, હુંડી બુક, નોટપેપર, વીઝીટીંગ કાર્ડ, લેટરપેપર, બીલબુક, બુકવર્ક વીગેરે છાપવાનું કામ સફાઈબંધ, સસ્તું અને સુંદર રીતે વખતે જુદા જુદા રંગની શાહીઓથી છાપી આપીએ છીએ. મુદત વાંચવાની કોઈ ગ્રાહકોને ફરજી પડતી નથી અને છાપવાનું કામ અમો જાતે આપી [illegible] જાળવી છીએ અને તૈયાર થએથી ઘેર બેઠા પહોંચાડી આપીએ છીએ. કોઈપણ છપાવા જતાં પહેલાં એકવાર અમારા નીચેના સરનામે પત્રવ્યવહાર કરવા ખાસ વિનંતી કરવામાં આવે છે. એકવાર પ્રસંગ પાડી ખાત્રી કરો !!!

નોટ — બહાર ગામના ઓરડરો ઉપર પુરતું ધ્યાન આપવામાં આવે છે અને બીજો કોઈ પણ માલ કમીશનથી મોકલવામાં આવે છે.

[illegible] ગુલામહુસેન મોહમ્મદભાઈ ટાંકીવાળા,
ચાંદનીની બાગ પાસે, ઘ. નં. ૧૨૬૩—૯૮—અમદાવાદ.

??? ચાર રાખો ???

જીનવર કારખાનું

[illegible], [illegible], [illegible], [illegible], [illegible]

[illegible], [illegible], [illegible], [illegible], [illegible]

[illegible], [illegible], [illegible], [illegible], [illegible]

[illegible] [illegible], [illegible] [illegible], [illegible]

[illegible] [illegible] [illegible] [illegible], [illegible]

[illegible] [illegible] [illegible] [illegible].

[illegible] [illegible] [illegible].

[illegible] [illegible] [illegible].

[illegible] [illegible] [illegible]

અમદાવાદ.